પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૬-૦૩-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૭૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# કટકની સરકારી હોસ્પિટલમાં આગમાં ૧૦ દર્દીઓ ભડથું

## એસસીબી મેડિકલ કોલેજ હોસ્પિટલના આઈસીયુમાં ફાટી નિકળેલી આગમાં ૧૧ કર્મચારીઓ પણ દાઝી ગયા

નવી દિલ્હી, તા. ૧૬

ઓડિશાના કટકમાં SCB મેડિકલ કોલેજ હોસ્પિટલમાં આગ લાગી હતી. રવિવારે મોડી રાત્રે ૩ વાગ્યે થયેલા આ અકસ્માતમાં ૧૦ દર્દીઓના મોત થયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આગ હોસ્પિટલના પહેલા માળે બનેલા ટ્રોમા કેરના ICUમાં લાગી હતી.

દર્દીઓને સુરક્ષિત સ્થળોએ ખસેડતી વખતે હોસ્પિટલના ઓછામાં ઓછા ૧૧ કર્મચારીઓ પણ દાઝી ગયા હતા. ઓડિશાના CM મોહન ચરણ માંઝી ઘાયલોને મળવા હોસ્પિટલ પહોંચી ગયા છે. મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારોને ૨૫-૨૫ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે.

કહેવાય છે કે ICUમાં આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હતી. જોકે, ઝસ્એ આ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે.

મોડીરાત્રીના જયારે હોસ્પીટલનું કામકાજ બંધ થઈ ગયું હતું અને દર્દીઓ તથા પુરો સ્ટાફ ઉંઘમાં હતો તે સમયે એક વોર્ડમાં અચાનક જ કોઈ કારણે આગ લાગી હતી અને જોતજોતામાં તે પુરા વોર્ડમાં ફેલાઈ ગઈ હતી. જેની ચપેટમાં



દર્દીઓ તથા તેના સગાસંબંધીઓ આવી ગયા હતા.

આગનુ એલાર્મ મળતા જ ફાયરબ્રિગેડ ધસી ગયુ હતું અને અન્ય વોર્ડના દર્દીઓને સલામત કરવા સાથે આગ સામે કામગીરી ચાલુ કરી પણ એક વોર્ડ જયાં આગ લાગી હતી ત્યાં પહોંચી શકવાની જ શકયતા નહીવત હતી. બાદમાં આગ કાબુમાં આવતા વોર્ડમાં પાંચ લોકોને ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં ન્યુ મેડીસીન આઈસીયુમાં ખસેડાયા હતા.

જયારે બાકીના ૧૦ દર્દીઓ તો જીવતા જ ભુંજાઈ ગયા હતા. જેઓને ઓળખવા પણ મુશ્કેલ બની ગયા હતા. મુખ્યમંત્રી મોહન ચરણ માંજી ઘટના સ્થળે દોડી ગયા હતા અને મૃતકોના પરિવારને રૂા.૨૫-૨૫ લાખની સહાયની જાહેરાત કરી હતી.

આ વોર્ડમાં કુલ ૨૩ લોકો આગ સમયે મોજૂદ હતા. હોસ્પીટલના સ્ટાફે જે દર્દીઓ સુધી આગ પહોંચી નહી તેઓને તુર્તજ બચાવી લીધા તા અને તેથી વધુ જાનહાની ટળી હતી. રાજય સરકારે આગની તપાસના આદેશ આપ્યા છે. અહી સરકારી મેડીકલ કોલેજ સાથે આ હોસ્પીટલ જોડાયેલી છે.

# બંગાળમાં આચારસંહિતા લાગુ થતા જ મુખ્ય તથા ગૃહસચીવની બદલી

### મમતા શાસનના અધિકારીઓને ચૂંટણી ફરજથીજ દુર રાખવા ચુંટણી પંચે આદેશો જારી કર્યા

નવી દિલ્હી, તા. ૧૬

પ.બંગાળમાં જાહેર થયેલી ધારાસભા ચૂંટણીના કલાકોમાંજ ચુંટણી પંચે એક આદેશમાં રાજયના મુખ્ય સચિવ તથા ગૃહ સચીવની બદલી કરી તેઓને ચુંટણીલક્ષી કામગીરીથી દુર કરી દીધા છે.

લાંબા સમયથી રાજયની મમતા બેનરજી સરકાર સાથે ટકકરમાં રહેલા પંચે આચાર સંહિતામાં સતા મળતા જ રાજયમાં મુખ્ય સચીવ નંદીની ચકવોર્તીને સ્થાને ૧૯૯૬ બેચના અધિકારી દુષ્યંત નારીયાલાને મુખ્ય સચીવ તરીકે મુકયા છે.તો રાજયના ગૃહ વિભાગના પ્રિન્સીપાલ સચીવ તરીકે ફરજ બજાવતા જગદીશ પ્રસાદ મીનાના સ્થાને ૧૯૯૭ બેચના આઈએએસ અધિકારી સંઘમિત્રા ઘોષને નવા ગૃહ સચીવ બનાવ્યા છે.પંચે આ આદેશનો તાત્કાલીક અસરથી અમલી બનાવ્યા છે. તૃણમુલ કોંગ્રેસે આ બદલી પર સીધો પ્રહાર કરતા કટાક્ષ કર્યો કે ચુંટણીપંચે તેના રાજકીય બોસને ખુશ કરવા આ બદલી કરી છે પણ તે બંગાળની જનતાના હૃદય જીતી શકશે નહી.તેઓ મમતા બેનરજીને લોકોના હૃદયમાંથી દુર કરી શકશે નહી. જયારે ભાજપે જણાવ્યું કે પોલીટીકલ લીક ધરાવતા કોઈ અધિકારી ચુંટણી મશીનરીમાં સામેલ ન હોય તે નિશ્ચિત કરવામાં આવ્યુ છે.રાજયમાં બે તબકકામાં ધારાસભા ચુંટણીઓ યોજાઈ રહી છે જે તા.૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન થશે.

# દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે ફ્યૂલ ટેન્ક પર ઈરાનનો હુમલો

## હોર્મુઝ ખાડી ખુલ્લી કરવા માટે ચેતવણી સાથે નાટોની મદદ માંગતા ટ્રમ્પ

નવી દિલ્હી, તા. ૧૬

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે ૧૭મો દિવસ છે. આ દરમિયાન ટ્રમ્પે રવિવારે નાટો દેશોને ધમકી આપી. તેમણે કહ્યું કે જો સહયોગી દેશો હોર્મુઝ સ્ટ્રેટને ખુલ્લો રાખવામાં મદદ નહીં કરે તો નાટોનું ભવિષ્ય ખૂબ ખરાબ થઈ શકે છે.

ટ્રમ્પે કહ્યું, ‘‘આપણી પાસે NATO નામની એક વ્યવસ્થા છે. અમે તેમની સાથે ખૂબ સારા રહ્યા છીએ. આપણને યુક્રેનના મામલે તેમની મદદ કરવાની જરૂર નહોતી. તો પણ અમે તેમની મદદ કરી. હવે જોવાનું છે કે શું તેઓ આપણી મદદ કરે છે.’’તેમણે એમ પણ કહ્યું કે જો ચીન હોર્મુઝને ખુલ્લું રાખવામાં મદદ નહીં કરે, તો તેઓ આ મહિનાના અંતમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે યોજાનારી તેમની શિખર પરિષદને મુલતવી રાખી શકે છે. ટ્રમ્પ ૩૧ માર્ચે ચીન જવાના છે.જોકે, ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ કરતા દેશોને આ માર્ગનું રક્ષણ કરવા માટે યુદ્ધ જહાજો અને જરૂરી મદદ મોકલવાની માગ કરી હતી. વિશ્વભરનું ૨૦% તેલ આ જ રૂટ પરથી પસાર થાય છે.ત્યાં જ, આજે સવારે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક એક ફ્યુઅલ ટેન્કને નિશાન બનાવવામાં આવ્યું હતું. આ પહેલા પણ યુદ્ધ દરમિયાન અહીં હુમલો થયો હતો. જોકે, હુમલામાં કોઈ જાનહાનિ થઈ હોવાની માહિતી સામે આવી નથી.અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે જાપાનનો શેરબજાર સતત ત્રીજા દિવસે ઘટાડા સાથે બંધ થયો.બપોરના કારોબાર સુધીમાં નિકેઈ ૨૨૫ ઈન્ડેક્સ ૧.૩ ટકા ઘટીને ૫૩,૧૩૮.૪૨ પર પહોંચી



ગયો, જ્યારે ટોપિક્સ ઈન્ડેક્સ ૦.૭ ટકા ઘટીને ૩,૬૦૨.૭૧ પર આવી ગયો.યુદ્ધ શરૂ થયા પછી જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ પહેલેથી જ ૯ ટકાથી વધુ ઘટી ગયો છે. જ્યારે જાપાનના નાણા પ્રધાન સત્સુકી કટાયામાએ કહ્યું કે સરકાર નાણાકીય બજારોમાં જરૂર પડ્યે નિર્ણાયક પગલાં લેવા તૈયાર છે.

# રાજ્યસભાની મુદ્દત પુરી થતા રંજન ગોગાઈની વિદાય

### બજેટ સત્રનો બીજો તબક્કામાં રાજ્યસભાનો આજે છઠ્ઠો દિવસ

નવી દિલ્હી, તા. ૧૬

સંસદમાં બજેટ સત્રના બીજા તબક્કાનો સોમવારે છઠ્ઠો દિવસ છે. સવારે ૧૧ વાગ્યે સંસદનું સત્ર શરૂ થયું. અહીં રાજ્યસભામાં કાર્યકાળ પૂરો થતાં રંજન ગોગોઈને વિદાય આપવામાં આવી.

આ પહેલા શુક્રવારે નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે વિદેશોમાં થઈ રહેલા ઘટનાક્રમને કારણે આપણા દેશમાં કેટલીક મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. આવા સમયે વિપક્ષે સરકાર સાથે ખભે ખભો મિલાવીને ઊભા રહેવું જોઈએ.

ન્યૂઝ એજન્સીના સૂત્રો અનુસાર TMC સાંસદોએ શુક્રવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા સામે બંને ગૃહોમાં પ્રસ્તાવ રજૂ કર્યો હતો.પ્રશ્નકાળ દરમિયાન



કોંગ્રેસના સાંસદ શશિ થરૂરના પ્રશ્નનો જવાબ આપતા કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે સ્ટાર્ટ-અપ ઈન્ડિયા યોજનાનો લાભ મોટાભાગે શહેરી વિસ્તારોના લોકો સુધી સીમિત રહી ગયો હતો.આ જ કારણોસર સરકારે સ્ટેન્ડ-અપ ઈન્ડિયા યોજના શરૂ કરી, જેથી SC/ST સમુદાય અને મહિલાઓને પણ ઉદ્યોગ શરૂ કરવામાં મદદ મળી શકે. સીતારમણે કહ્યું કે આ યોજનાથી આ વર્ગના લોકોને ફાયદો થયો છે.

# બિહાર-યુપીમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ જાહેર

### સિક્કિમમાં વાવાઝોડાથી મહિલાનું મોત, ઓડિશામાં વાવાઝોડાએ બેનો ભોગ લીધો

નવી દિલ્હી, તા. ૧૬

દેશના ઘણા ભાગોમાં વરસાદ, કરા અને વાવાઝોડાનો દોર શરૂ થઈ ગયો છે. હવામાન વિભાગે સોમવારે અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. બિહાર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ સહિત ૧૮ રાજ્યોમાં વાવાઝોડું, વીજળી અને કરા પડવાની સંભાવના છે.

પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને ઉત્તરાખંડમાં કેટલાક સ્થળોએ ૫૦-૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવનોનું એલર્ટ છે. બિહાર, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, ઓડિશા, સિક્કિમ અને ઉત્તર પ્રદેશમાં વીજળીના કડાકા સાથે ૪૦-૫૦ કિમી/કલાકની ઝડપે વાવાઝોડું ફૂંકાઈ શકે છે.

દિલ્હીમાં રવિવારે સવારની શરૂઆત હળવા વરસાદથી થઈ. જેનાથી લોકોને ગરમીથી થોડી રાહત મળી. પંજાબ અને હરિયાણાના ઘણા વિસ્તારોમાં પણ વરસાદ થયો. અમૃતસરમાં મહત્તમ તાપમાન ૨૧.૮C અને પટિયાલામાં ૨૬.૬ઝ રહ્યું, જે સામાન્ય કરતાં લગભગ ૪ ડિગ્રી ઓછું છે.

રાજસ્થાનના ઉત્તરીય વિસ્તારોમાં પણ હળવો વરસાદ અને ઝરમર વરસાદ થયો. સિક્કિમના ઘણા વિસ્તારોમાં

અનુસંધાન પાના ૭ પર

# કોંગ્રેસના ધારાસભ્યો માટે પાંચ કરોડની ઓફર થઈ હોવાનો શિવકુમારનો દાવો

### રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ વોટિંગ માટે ખરીદવા આવેલા ચાર પૈકી બેની ધરપકડ

નવી દિલ્હી, તા. ૧૬

કર્ણાટકના બેંગલુરુમાં રાજ્યસભા ચૂંટણી પહેલાં ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે આરોપ લગાવ્યો કે ઓડિશા કોંગ્રેસના ધારાસભ્યોને ક્રોસ-વોટિંગ માટે ૫-૫ કરોડ રૂપિયાની ઓફર આપવામાં આવી. આ મામલે પોલીસે બે લોકોને કસ્ટડીમાં લીધા છે.શિવકુમારે રવિવારે કહ્યું કે ઓડિશાના ચાર લોકો બેંગલુરુ નજીક બિદાદી સ્થિત એક રિસોર્ટ પહોંચ્યા હતા, જ્યાં ઓડિશા કોંગ્રેસના ધારાસભ્યો રોકાયા છે. અહીં તેમણે રાજ્યસભા ચૂંટણીમાં ક્રોસ-વોટિંગના બદલામાં ધારાસભ્યોને પૈસા આપવાની ઓફર કરી.શિવકુમારે કહ્યું કે કોંગ્રેસના ધારાસભ્યોએ આ પ્રસ્તાવને ઠુકરાવી દીધો અને તરત જ પાર્ટી નેતૃત્વને તેની જાણકારી આપી. તેમના મતે ચાર લોકોમાંથી બે ઘટનાસ્થળેથી ભાગી ગયા, જ્યારે બેને પકડી લેવામાં આવ્યા.તેમણે દાવો કર્યો કે આરોપીઓ પાસેથી બ્લેન્ક ચેક પણ મળ્યા, જેને પોલીસે જપ્ત કરી લીધા છે. શિવકુમારે તેને ભાજપનું ઓપરેશન લોટસ ગણાવતા આરોપ લગાવ્યો કે વિપક્ષી દળોના ધારાસભ્યોને તોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.આ મામલે ઓડિશા કોંગ્રેસ ધારાસભ્ય દળના ડેપ્યુટી લીડર અશોક કુમાર દાસે પણ બિદાદી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવાયું છે કે ચાર અજાણ્યા લોકોએ કેટલાક ધારાસભ્યોનો સંપર્ક કરીને તેમને રાજ્યસભા ચૂંટણીમાં એક ઉમેદવારની તરફેણમાં ક્રોસ-વોટિંગ કરવા માટે કરોડો રૂપિયાની ઓફર આપી.દાસે એવો પણ આરોપ લગાવ્યો કે જ્યારે ધારાસભ્યોએ ઓફર ઠુકરાવી દીધી ત્યારે તેમને ઓડિશા પાછા ફરવા પર જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી.

# રાજ્યસભાની ખાલી પડેલી ૧૧ બેઠકો માટે મતદાન ચાલુ

### બિહારમાં ક્રોસ વોટિંગનું જોખમ વચ્ચે કોંગ્રેસના ત્રણ ધારાસભ્યો ગુમ

નવી દિલ્હી, તા. ૧૬

સોમવારે સવારે ૯ વાગ્યે રાજ્યસભાની ચૂંટણી માટે મતદાન શરૂ થયું. મતદાન સાંજે ૪ વાગ્યા સુધી ચાલુ રહેશે, અને મતગણતરી સાંજે ૫ વાગ્યે શરૂ થશે.જેલમાં બંધ બાહુબલી ધારાસભ્ય અને દુલાર ચંદ યાદવ હત્યા કેસમાં આરોપી અનંત સિંહ રાજ્યસભાની ચૂંટણીમાં પોતાના મતદાન કરવા વિધાનસભા પહોંચ્યા છે. કપાળ પર તિલક અને ચમકતો સફેદ શર્ટ પહેરેલા અનંત સિંહ સાથે મોટી પોલીસ બંદોબસ્ત પણ છે.બિહાર વિધાનસભા ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે. આ દરમિયાન, મહત્વપૂર્ણ સમાચાર એ છે કે બિહાર કોંગ્રેસના ત્રણ ધારાસભ્યો ગુમ છે. આમાંથી કેટલાક ધારાસભ્યોએ તેમના ફોન સ્વિચ ઓફ આવે છે.આજે સાંજ સુધીમાં ૧૦ રાજ્યોની ૩૭ રાજ્યસભા બેઠકોના પરિણામો જાહેર કરવામાં આવશે. આમાંથી, સાત રાજ્યોની ૨૬ બેઠકો પર ચિત્ર સ્પષ્ટ છે, જ્યાં ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે. હરિયાણા, બિહાર અને ઓડિશામાં ૧૧ બેઠકો માટે મતદાન ચાલુ છે.

આ ત્રણ રાજ્યોમાં કુલ ૧૪ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. હાલમાં, INDIA ગઠબંધન ૩૭માંથી ૨૫ બેઠકો ધરાવે છે, જ્યારે NDA ૧૨ બેઠકો ધરાવે છે. ચૂંટણી પછી ચિત્ર બદલાઈ શકે છે. NDA ૮ બેઠકોનો ફાયદો થઈ શકે છે.બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પહેલીવાર રાજ્યસભાના સાંસદ બનશે. દરમિયાન, ૮૪ વર્ષીય શરદ પવાર મહારાષ્ટ્રમાંથી બિનહરીફ ચૂંટાયા છે.ઓડિશામાં વિપક્ષી બીજેડી અને કોંગ્રેસે રવિવારે ૫ ધારાસભ્યોને નોટિસ જારી કરી હતી. જ્યારે ભાજપે પોતાના ૮૨ ધારાસભ્યોને પારાદીપ મોકલી દીધા હતા. મતદાન માટે તમામ ધારાસભ્યોને પાછા બોલાવવામાં આવ્યા


અનુસંધાન પાના ૭ પર

# ફોબર્સની યાદી મુજબ ભારતમાં એક વર્ષમાં ૨૪ ધનીકો વધ્યા

### લક્ષ્મી મિત્તલ રોજની ૨૭૪ કરોડની આવક સાથે ચોથા ક્રમના ધનિક બન્યા

નવી દિલ્હી, તા. ૧૬

વિશ્વમાં ધનિક મહિલાઓની સંખ્યા સતત વધી રહી છે. ફોર્બ્સની ૨૦૨૬ની અબજોપતિઓની યાદી મુજબ વિશ્વના કુલ અબજોપતિઓમાંથી ૪૮૧ મહિલાઓ છે, જે લગભગ ૧૪% છે. ગયા વર્ષે, આ સંખ્યા ૪૦૬ અથવા ૧૩.૪% હતી. આ વર્ષે, યુનાઈટેડ સ્ટેટ્સની એલિસ વોલ્ટન લગભગ ઈ૧૩૪ બિલિયનની કુલ સંપત્તિ સાથે વિશ્વની સૌથી ધનિક



મહિલા બની રહી છે. દરમિયાન, ભારતની સાવિત્રી જિંદાલ લગભગ ?૩.૬૨ લાખ કરોડની કુલ સંપત્તિ સાથે આ યાદીમાં સાતમા ક્રમે છે. જ્યારે સાવિત્રી જિંદાલ ભારતની સૌથી ધનિક મહિલા છે.

ફોર્બ્સ વર્લ્ડ્સ બિલિયોનેર્સ ૨૦૨૬ની યાદી મુજબ ભારતમાં એક વર્ષમાં ૨૪ અબજોપતિ વધ્યા છે. દેશના ચોથા સૌથી ધનિક લક્ષ્મી મિત્તલની સંપત્તિમાં આ વર્ષે સૌથી ઝડપી ઉછાળો જોવા મળ્યો.તેમની કંપની આર્સેલરમિત્તલના શેરોમાં ૮૦%થી વધુનો ઉછાળો આવતા તેમની કુલ સંપત્તિ ૩૧ અબજ ડોલર, એટલે કે ૨.૮૭ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. છેલ્લા એક વર્ષમાં તેમની સંપત્તિમાં ૨૦ અબજ ડોલર, એટલે કે ૧.૮૫ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે.આ હિસાબે મિત્તલે આખા વર્ષ દરમિયાન દરરોજ સરેરાશ ૨૭૪ કરોડ રૂપિયાની રેકોર્ડ કમાણી કરી છે. આ યાદીમાં ફિઝિક્સવાલાના ફાઉન્ડર્સ અલખ પાંડે અને પ્રતીક બૂમ્બ પણ સામેલ થઈ ગયા છે.

# ‘વન બેટલ આફ્ટર અધર’ એ છ-છ ઓસ્કાર એવોર્ડ જીત્યા

### દિગ્દર્શક પોલ થોમસ ઓસ્કાર એવોર્ડ સમારંભમાં છવાયા

મુંબઈ, તા. ૧૬૨

૯૮મા એકેડેમી એવોર્ડ સમારોહમાં શ્રેષ્ઠ ફિલ્મ શ્રેણીમાં પોલ થોમસ એન્ડરસનની "વન બેટલ આફ્ટર અધર" અને "સિનર્સ" વચ્ચે ગાઢ સ્પર્ધા જોવા મળી. બંને ફિલ્મો ટોચના બે નોમિનીમાં સામેલ હતી, પરંતુ "વન બેટલ આફ્ટર અધર" એ શ્રેષ્ઠ ફિલ્મ જીતી. એ પણ નોંધનીય છે કે "વન બેટલ આફ્ટર અધર" એ વિવિધ શ્રેણીઓમાં છ પુરસ્કારો જીત્યા હતા, અને ફિલ્મને ૧૪ શ્રેણીઓમાં નામાંકન મળ્યું હતું. થોમસ પિન્ચનની "વાઈનલેન્ડ" થી પ્રેરિત આ મોટા બજેટની કોમેડી થ્રિલર ફિલ્મે શ્રેષ્ઠ ફિલ્મ જીતી અને શ્રેષ્ઠ દિગ્દર્શક, શ્રેષ્ઠ સહાયક અભિનેતા (સીન પેન), અનુકૂલિત સ્ક્રીનપ્લે, શ્રેષ્ઠ સંપાદન અને કાસ્ટિંગ માટે તેનો પ્રથમ ઓસ્કાર પણ જીત્યો. કોઈપણ ફિલ્મ માટે આ એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. ફિલ્મના દિગ્દર્શક, પોલ થોમસ એન્ડરસને તેમના ભાષણમાં કહ્યું, "મેં આ ફિલ્મ મારા બાળકો માટે લખી છે, જેથી દુનિયામાં જે અરાજકતા છે તેના માટે માફી માંગી શકીએ જે અમે તેમને સોંપી રહ્યા છીએ."

અનુસંધાન પાના ૭ પર

# સુરત જિલ્લાના મહુવા ખાતે ભાજપાનું વિશાળ 'બુથ કાર્યકર્તા સંમેલન' યોજાયું





## ગુજરાત અને દેશની જનતા માટે ભાજપ એટલે 'વિકાસનો પર્યાય' અને 'ભરોસાનું નામ' : શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

સુરત, તા.૧૬

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દક્ષિણ ગુજરાતના સંગઠનાત્મક પ્રવાસના ત્રીજા દિવસે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં સુરત જિલ્લાના મહુવા ખાતે વિશાળ 'બુથ કાર્યકર્તા સંમેલન' યોજાયું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું કે, પૂર્ણા નદીના કિનારે વસેલો આ જિલ્લો કૃષિ અને સહકારીતાનું હૃદય છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, દેશના પ્રથમ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ખેડૂતોની આવક બમણી કરવાના મક્કમ નિર્ધાર સાથે ભાજપા સરકાર સતત કાર્યરત છે. દક્ષિણ ગુજરાતે સહકારી ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ આજે સમગ્ર દેશ માટે મોડેલ બની છે.

કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, વિપક્ષના નેતાઓ પ્રજાના પ્રશ્નોની ચિંતા કરવાને બદલે અફવાઓ ફેલાવવાનું અને સંસદ બહાર માત્ર વિરોધ કરવાનું કામ કરે છે. તેઓએ હાલમાં LPG અંગે કોંગ્રેસ દ્વારા ફેલાવાઈ રહેલી અફવાઓ તેમજ સંસદમાં પ્રજાની ચિંતા કરવાના સ્થાને સંસદના પગથિય બેસી ચા-બિસ્કીટ ખાવાની ઘટનાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. કોંગ્રેસના ૬૦ વર્ષના શાસનને '૪-ક' (કોંગ્રેસ એટલે કરપ્શન, કમિશન, કમ્યુનલ રાયોટ્સ અને ક્રિમિનલ પોલિટિક્સ) તરીકે ઓળખાવ્યું હતું. તેની સામે ભાજપે જનતાને 'ન જાતિવાદ, ન પરિવારવાદ, ન તૃષ્ટીકરણ' સાથેનું ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, ભાજપનો કાર્યકર્તા માત્ર ચૂંટણી ટાણે જ નહીં પણ સતત પ્રજાની વચ્ચે રહીને સેવા કરે છે. વિકસિત ભારત ૨૦૪૭નું સપનું સાકાર કરવા માટે શ્રી મોદીજીના નેતૃત્વમાં ભાજપનો દરેક કાર્યકર્તા કમર કસી રહ્યો છે.

આજે ગુજરાત અને દેશની જનતા માટે ભાજપ એટલે 'વિકાસનો પર્યાય' અને 'ભરોસાનું નામ' છે. પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સુરતની ઐતિહાસિક વિરાસતને યાદ કરતા જણાવ્યું કે, સુરત સદીઓથી ભારતનું વ્યાપારી બંદર રહ્યું છે અને અહીંના લોકોના સાહસિક વેપારની વાતો આજે પણ એટલી જ પ્રસ્તુત છે. છેલ્લા ૧૦ વર્ષમાં આ વિધાનસભા વિસ્તારમાં રૂ. ૫૦૦ કરોડથી વધુના ખર્ચે ૭૬ જેટલા નાના-મોટા પુલોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સામ્બા થી આસ્થાના કેન્દ્ર બ્રહ્મદેવ મંદિર સુધી પહોંચવા માટે પણ નવા પુલનું કામ પ્રગતિમાં છે. રૂ.૩૭૬ કરોડના ખર્ચે બારડોલીથી અનાવલ ફોરલેન રસ્તાનું નિર્માણ અને નાલોઠા ખાતે રૂ. ૫૧ કરોડના ખર્ચે આદિવાસી આદર્શ નિવાસી શાળા જેવી સુવિધાઓએ આ વિસ્તારની કાયાપલટ કરી છે. તેમણે કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં જાતિવાદ અને પ્રાંતવાદને જાકારો આપીને 'વિકાસની રાજનીતિ'ની જે ભેટ આપી છે, તેના ફળસ્વરૂપે જ આજે કચ્છથી ડાંગ સુધી સર્વાંગી વિકાસ થયો છે. સમગ્ર દેશમાં અમૂલ અને સુમુલનું સહકારી મોડલ વખણાય છે, જેની ૧૫૦થી વધુ પ્રોડક્ટ્સ આજે વિદેશોમાં પણ નિકાસ થાય છે. ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને તેમને પોતાના પાકના ઉત્તમ ભાવ મળે તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ

અનુસંધાન પાના ૭ પર



# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રવાસનું આયોજન

## સુરતના અંગ્રેજી વિભાગના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન

સુરત, તા.૧૬

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના અંગ્રેજી વિભાગ દ્વારા ડિપાર્ટમેન્ટના વિધાર્થીઓ માટે તા. ૨૧ ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં કુલ ૫૯ વિધાર્થીઓ અને ૫ અધ્યાપકશ્રીઓ જોડાયા હતા. આ પ્રવાસના ભાગરૂપે વિદ્યાર્થીઓએ કેરળ રાજ્યના કોચી શહેરની મુલાકાત લીધી હતી, જ્યાં કોચી-મુઝિરિસ બિનાલે (KMB) નું ૬ઠું સત્ર ચાલી રહ્યું છે જેમાં "Fro the Time Being'' નાં ટાઇટલ હેઠળનો આ આંતરરાષ્ટ્રીય કલા મહોત્સવ ૧૨ ડિસેમ્બર ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી ચાલે છે. આ કલા મહોત્સવનું સંચાલન નિખિલ ચોપરા અને HH Art Spaces દ્વારા કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં કુલ ૨૯ જેટલા વિવિધ સ્થળોએ પ્રદર્શન યોજાયું છે જેમાં ૨૫ કરતાં વધુ દેશોના ૬૬થી વધુ કલાકારો અને કલાત્મક જૂથોએ ભાગ લીધો છે. જેમાં એસ્પિનવોલ હાઉસ અને પેપર હાઉસ જેવા મહત્વપૂર્ણ સ્થળોનો પણ સમાવેશ થાય છે. આ પ્રદર્શન ફોર્ટ કોચી, મટ્ટાનચેરી, વિલિંગડન આઇલેન્ડ અને એર્નાકુલમ સહિત કુલ ૨૯ સ્થળોએ ફેલાયેલું છે, જેમાં એસ્પિનવોલ હાઉસ આકર્ષણનું મુખ્ય કેન્દ્ર છે. વિધાર્થીઓએ ભારતીય તેમજ આંતરરાષ્ટ્રીય કલાકારો દ્વારા રજૂ કરાયેલા વિવિધ દશ્ય શ્રાવ્ય જેવા માધ્યમોના કલાપ્રદર્શનોનો અનુભવ કર્યો, જેમાં ફિલ્મ, ઈન્સ્ટોલેશન, પેઈન્ટિંગ, શિલ્પ, ન્યૂ મીડિયા અને પરફોર્મન્સ આર્ટનો સમાવેશ થાય છે. કોચી-મુઝિરિસ બિનાલે દ્વારા કોચી શહેરના આધુનિક વારસાને તેમજ તેના પ્રાચીન બંદર મુઝિરિસ શહેરની સાંસ્કૃતિક પરંપરાને અંગ્રેજી વિભાગના વિધાર્થીઓ દ્વારા યાદ કરી પ્રયાસ કરવામાં આવ્યો. કોચીની મુલાકાત ઉપરાંત વિધાર્થીઓએ આ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન વર્કલા અને તિરુવનંતપુરમ શહેરોની પણ મુલાકાત લીધી હતી. અહીં વિધાર્થીઓએ જ્યુ (યહૂદી) ટાઉન અને ત્યાં આવેલા સિનેગોગની મુલાકાત લઈને તેનો અભ્યાસ કરવાનો અવસર મળ્યો, તેમજ ભારતમાં જેસ્યુઇટ પાદરીઓના આગમન બાદ બનાવેલ પ્રથમ કેથલિક ચર્ચ સાન્ટા ક્રુઝ કેથેડ્રલ બેસિલિકાની ભવ્યતા નિહાળવાનો પણ અવસર મળ્યો. ત્યારબાદ વિધાર્થીઓ તિરુવનંતપુરમમાં આવેલ દેશના મુખ્ય ધનાઢ્ય મંદિરોમાં સ્થાન ધરાવતા એવા પદ્મનાભસ્વામી મંદિરે ભગવાનના પાવન દર્શનનો લાભ લીધો. એટલું જ નહીં પણ શંખુમુઘમ અને વર્કલા જેવા સુંદર દરિયાકિનારાઓની પણ મુલાકાત લીધી. આ સંપૂર્ણ આવાગમન માટે વિદ્યાર્થીઓ અને અઘ્યાપકશ્રીઓ એ રેલમાર્ગનો ઉપયોગ કર્યો, જે આપણા દેશની ધબકતી જીવાદોરી માનવામાં આવે છે. આ રીતે પ્રવાસીય અનુભવ દ્વારા કેરળની વિવિધતા તેમજ ભારતની વૈવિધ્યસભર સંસ્કૃતિને નજીકથી જાણવનો લ્હાવો મળ્યો.

# ઓલપાડ દરિયાઈ કાંઠાની પટ્ટી ઉપર નિર્માણ થનાર કોસ્ટલ હાઇવેનું ખાતમુહૂર્ત

## કાંઠાનાં પારડીઝાંખરી ગામે ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલનાં વરદહસ્તે લિંક કોસ્ટલ હાઇવેનું ખાતમુહૂર્ત સમારોહ

સુરત, તા.૧૬

ઓલપાડ ઓલપાડ તાલુકાની દરિયાઈ કાંઠાપટ્ટીનાં દાંડી-મોર-પારડીઝાંખરીથી કાન્તિયાબાર(કંટિયાજાલ)સુધી રૂ.૩૫૩.૦૮ કરોડનાં ખર્ચે નિર્માણ થનાર નવા લિંક રોડનું ખાતમુહૂર્ત સરકાર નાં પૂર્વ રાજ્યમંત્રી અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલનાં વરદહસ્તે કાંઠાનાં પારડીઝાંખરી ગામેથી કરવામાં આવ્યું હતું.

ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલની રજુઆતનાં પગલે રાજ્યનાં મુખ્યમંત્રીની ભલામણથી કેન્દ્ર સરકારે રૂ. ૩૫૩.૦૮ કરોડનાં ખર્ચે મંજુર કરેલ નવા લિંક કોસ્ટલ હાઈવેનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય મુકેશભાઈ પટેલે કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરતા કહ્યું કે,દર વર્ષે વરસાદ પડે ત્યારે દેડકાંઓ જમીન બહાર નીકળી કૂદાકૂદ કરે,પરંતુ દર પાંચ વર્ષે ચૂંટણી આવે ત્યારે કોંગ્રેસનાં લોકો એક વાર બહાર આવી પ્રજાને લોભામણા ઠાલાં વચનો આપવાનું ચુકતા નથી.પરંતુ તાલુકાની જનતા અને મતદારો જાણે છે કે,ઓલપાડનો વિકાસ કોણ કરી રહ્યું છે.તેમણે વધુ પ્રહાર કરતા કહ્યું કે,હાલમાં ઈરાન- ઈઝરાઈલ-અમેરિકા વચ્ચેનાં યુદ્ધની સ્થિતિમાં પણ કોંગ્રેસી નેતા રાંધણગેસનાં સિલન્ડરો ખભા ઉપર ઉંચકવાનું નાટક કરી ફોટો ફંક્શન દ્વારા ગેસની અછતની ખોટી અફવાઓ ફેલાવી પ્રજાને ગુમરાહ કરે છે.પરંતુ તેઓને શાંતિપ્રિય દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈની વિદેશનીતિ અને દેશનો વિકાસ કયારેય દેખાતો નથી.તેમણે વધુ કહ્યું કે,આ નવા લિંક રોડથી સુરતનાં દાંડીથી ભરૂચનાં કંટીયાજાલ વચ્ચેનું ૫૫ કિ.મી.નું અંતર ઘટી ૧૮.૯૧૬ કિ.મી.થશે અને આ માર્ગ હાંસોટ થઈ દહેજ બંદરને જોડશે.જેથી આ હાઈવેની આજુબાજુના કાંઠા વિસ્તારના ગામોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ થવાથી અહીંની જમીનની કિંમતો પણ વધતા ખેડૂતોને ફાયદો થશે અને લોકોને એક નવી રોજગાર અને રોજી-રોટીની પણ તક ઉપલબ્ધ થશે. આ ઉપરાંત હજીરાથી ઓલપાડ થઈ નેશનલ હાઈવે ઉપર જતા માલવાહનો કોસ્ટલ હાઈવે

અનુસંધાન પાના ૭ પર



# એક હજાર નિરાધાર મહિલાઓને રાશન કીટનું વિતરણ કરાયું

સુરત, તા.૧૬

વીઆઈપી રોડ પર આવેલા શ્રી શ્યામ મંદિર, સુરતધામ ખાતે શનિવારે શ્રી શ્યામ સેવા ટ્રસ્ટ દ્વારા એક હજાર નિરાધાર મહિલાઓને રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ કૈલાશ હાકિમે જણાવ્યું હતું કે આપણા લોકલાડીલા સાંસદ અને કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલ સાહેબના જન્મદિવસ નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા સમયાંતરે અનેક સેવાકાર્યો કરવામાં આવે છે. તે જ શ્રૃંખલામાં નિરાધાર મહિલાઓને એક મહિનાના સંપૂર્ણ રાશનનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાશન કીટની સાથે દરેકને પ્રસાદનો ડબ્બો અને રોકડ રકમ પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે સી.આર. પાટીલ સાહેબે શ્યામ મંદિરમાં બાબાના દર્શન કર્યા હતા. આયોજનમાં ટ્રસ્ટના સચિવ રાજેશ દોદરાજકા ઉપરાંત અનેક કારોબારી સભ્યો અને દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પૂર્વ રાષ્ટ્રપતિ કોવિંદ અને રાજ્યપાલ દેવવ્રતજીના હસ્તે

# હનુમાન મંદિર નિર્માણના દાતાઓનો 'અભિવાદન' સમારોહ સુરતમાં યોજાયો

## ૩૧૧ થી ૧૧૧૧ મંદિરોનો સંકલ્પ એ ભારતીય સંસ્કૃતિના પુનર્જાગરણના મહાઅભિયાનમાં પરિવર્તિત થશે : પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ



સુરત, તા.૧૬

સુરત ખાતે પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે ડાંગ જિલ્લામાં હનુમાન મંદિર નિર્માણના દાતાશ્રીઓનો 'શ્રી હનુમાન મંદિર નિર્માણ યજ્ઞ સન્માન સહ અભિવાદન સમારોહ' યોજાયો હતો. સુરતના વરિયાવ સ્થિત કલાકૃતિ લોન ખાતે દિવ્ય અને આધ્યાત્મિક વાતાવરણમાં આયોજિત સમારોહમાં શ્રી રામકૃષ્ણ નોલેજ ફાઉન્ડેશન (SRKKF)ના નેજા હેઠળ દંડકારણ્યની ભૂમિ ડાંગ જિલ્લાના ૩૧૧ ગામોમાં હનુમાનજી મંદિર અને હનુમાન ભવન (કોમ્યુનિટી હોલ) નિર્માણ કરવાનો પવિત્ર સંકલ્પ કરનાર રાજ્યસભા સાંસદ અને અગ્રણી ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકિયાનું મહાનુભાવો દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, આ તકે ગોવિંદભાઈએ ડાંગથી આગળ વધી રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં વધુ ૧૧૧૧ હનુમાનજી મંદિર નિર્માણની જાહેરાત કરતા તેમના આ પવિત્ર સંકલ્પને ઉપસ્થિત પૂર્વ રાષ્ટ્રપતિશ્રી, રાજ્યપાલશ્રી સહિત તમામ મહાનુભાવોએ હર્ષનાદ સાથે વધાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રના ઉત્થાન માટે આ પ્રકારના આધ્યાત્મિક અને સામાજિક કાર્યો અત્યંત અનિવાર્ય છે. ડાંગ જેવા આદિવાસી વિસ્તારમાં ૩૧૧ મંદિરોનું નિર્માણ એ માત્ર ધાર્મિક કાર્ય જ નથી, પરંતુ સામાજિક એકતાનું પ્રતીક છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગોવિંદભાઈ ધોળકિયાના સેવાકીય અભિગમને બિરદાવતા કહ્યું હતું કે, "ધર્મો રક્ષતિ રક્ષિતઃ" ના સૂત્રને ચરિતાર્થ કરતા આ કાર્યથી આવનારી પેઢીને સંસ્કાર અને માર્ગદર્શન મળશે. ગોવિંદભાઈ અને તેમની સહયોગી દાતા ટીમ દ્વારા સંસ્કૃતિના સંવર્ધન માટે કરવામાં આવતું કાર્ય અભિનંદનીય છે એમ જણાવી રાજયપાલશ્રીએ ઉમેર્યું કે, આદિવાસી વિસ્તારોમાં નિર્મિત હનુમાનજી મંદિરો માત્ર સિમેન્ટ-કોંક્રિટના ભવનો નથી, પરંતુ તે વિચારોની અગ્નિ અને જ્ઞાનના પ્રકાશ કેન્દ્રો બન્યા છે. આદિવાસી વિસ્તારોમાં હનુમાન મંદિર પરિસરમાં થતા ભજન-કીર્તન અને સાંસ્કૃતિક કાર્યક્રમોને કારણે નવી પેઢી વ્યસનોથી મુક્ત થઈ રહી છે અને ભારતીય જીવનમૂલ્યો તરફ વળી રહી છે. આધ્યાત્મિક વિચારો જ સમાજને કુરીતિઓમાંથી મુક્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતની પવિત્ર ધરતી પરથી જ દેશને સાંસ્કૃતિક વિરાસત સાથે

અનુસંધાન પાના ૭ પર

# સુરતી મોઢ વણિક સમસ્ત પંચની સંયુક્ત કમિટીની સામાન્ય સભા

સુરત, તા.૧૬

શ્રી સુમોવ સમસ્ત પંચ ની સંયુક્ત કમિટીની સભામાં સ્વાગત પ્રવચન સમસ્તપંચના પ્રમુખ શ્રી ધર્મેશભાઈ તમાકુવાળા એ કરી સભા નું કામ શરૂ કર્યું . જેમાં ઉપપ્રમુખ શ્રી જયંતીભાઈ લાપસી વાળા એ ગત મિનિટસ નુ વાંચન કર્યું અને જુદી-જુદી સમિટી ના અહેવાલોમાં વાડી સમિટી, પાલવાડી સમિટી, આર્થિક



તબીબી સહાય સમિતિ, શિક્ષણ સહાય સમિતિ, બ્યુટી પાર્લર અને સીવણ વર્ગ સમિટી, મેરેજ બ્યુરો (અડાજણ અને અઠવા) સમાધાન સમિતિ, સ્પોર્ટ્સ કમિટી,સાંસ્કૃતિક સમિતિ,બેંકવેટ કમિટી, પ્રેસ મીડિયા સમિટી,સરકારી સહાય યોજના સમિટી ,સિનિયર સિટીઝન સમિટી ના કન્વીનરો એ તેઓ દ્વારા થયેલા સમાજ ઉપયોગી કામોનો અહેવાલ રજૂ કર્યો. વાર્ષિક હિસાબોની માહિતી ખજાનચી અજયભાઈ મોદી આપી સંજયભાઈ ગાંધી ઉપપ્રમુખે બાંધકામ નો અહેવાલ આપ્યો, દીપક અનાજ વાલા સહ ખજાનચી તરીકે અને મંત્રી અનિલ દલાલ એ ભાડા ની મિલકત બાબત ની ચર્ચા રજૂ કરી બધા એ પોતાની જવાબદારીઓનો અને કરેલ કામગીરી નો અહેવાલ રજૂ કર્યો. પ્રમુખ શ્રી ધર્મેશભાઈ તમાકુવાળાએ સમાજના ભાવિ પ્રકલ્પો ની યોજના ના વિચારો રજૂ કર્યા સભાનું સંચાલન મંત્રી મુકેશભાઈ વરિયાવા એ કર્યું અને જયંતીભાઈ લાપસીવાળા ઉપપ્રમુખ એ આભાર વિધિ કરી સભા નુ કાર્ય સમાપન કર્યું.

# ઓલપાડ ખાતે 'પ્રાકૃતિક કૃષિ જન જાગૃતિ શિબિર યોજાઈ

## પ્રાકૃતિક ખેતી આવનારી પેઢીને શુદ્ધ હવા,પાણી અને ફળદ્રુપ જમીન વારસામાં આપવાનો સેવાયજ્ઞ છેઃ રાજ્યપાલ

સુરત, તા.૧૬

ઓલપાડ કોલેજ ખાતે ગુજરાતનાં મહામુહિમ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ની અધ્યક્ષતામાં રવિવારે પ્રાકૃતિક કૃષિ જન જાગૃતિ શિબિર કાર્યક્રમ યોજાયો હતો. ઓલપાડ કોલેજનાં હોલમાં ધરતી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ,ઉચ્છલ અને ઓલપાડ-ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘનાં અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે બંન્ને સંસ્થાઓનાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમમાં રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે,આજના આધુનિક યુગમાં કેન્સર,ડાયાબિટીસ અને કિડની ફેલ થવા જેવી ગંભીર બીમારીઓનું મૂળ આપણી આહાર પદ્ધતિ અને રાસાયણિક ખેતી છે.છેલ્લા કેટલાય વર્ષોથી રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો આડેધડ વપરાશને કારણે ધરતી સાથે માનવજીવન પણ જોખમમાં મુકાયું છે.જે રીતે જંગલોમાં કોઈપણ ખાતર કે દવા વગર વૃક્ષો લીલાછમ રહે છે,તે જ પ્રાકૃતિક સિદ્ધાંત હવે આપણા ખેતરોમાં અમલ કરવાનો સમય આવી ગયો છે.પ્રાકૃતિક ખેતી આવનારી પેઢીને શુદ્ધ હવા,પાણી અને ફળદ્રુપ જમીન વારસામાં આપવાનો એક સેવાયજ્ઞ છે.તેમણે વધુ કહ્યું હતું કે, દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડથી પણ વધારે સૂક્ષ્મજીવાણુઓ છે અને ગૌમૂત્ર ખનિજોનો ભંડાર છે.જીવામૃત અને ઘન જીવામૃત દ્વારા જમીનમાં અળસિયા અને મિત્ર કીટકોની સંખ્યા વધે છે.જે કુદરતી રીતે જમીનને ફળદ્રુપ બનાવે છે.જૈવિક ખેતીમાં ઉત્પાદન ઓછું અને મહેનત વધુ થાય છે,જ્યારે પ્રાકૃતિક ખેતીમાં ઓછી મહેનતે વધુ ઉત્પાદન મળે છે.તેમણે દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અમલી થયું છે તેમ કહી ઉમેર્યું હતું કે,રાજ્ય સરકારના સહયોગથી આ મિશન હવે જન-આંદોલન બનતા ૮ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે.જો આપણે આવનારી

અનુસંધાન પાના ૭ પર

# ઉમરપાડા ખાતે ભવ્ય યોગ શિબિર યોજાઈ

## ૨૭૦થી વધુ યોગ સાધકોએ ઉત્સાહભેર ભાગ લઈ યોગમય જીવનનો સંકલ્પ કર્યો

સુરત, તા.૧૬

રાજ્ય સરકારના 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનને સાકાર કરવાના ઉમદા હેતુ સાથે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં એક વિશેષ યોગ શિબિરનું આયોજન કરાયું હતું.

શિબિરમાં ડો. પારુલ પટેલ તેમજ નવનીત શેલડિયાએ યોગ સાધકોને સંબોધતા જણાવ્યું હતું કે, આજના ભાગ દોડભર્યા જીવનમાં તનાવમુક્ત અને સ્વસ્થ જીવન જીવવા માટે યોગ અનિવાર્ય છે. તેમણે મેદસ્વિતાથી બચવા માટે વિવિધ યોગાસનો અને પ્રાણાયામનું પ્રાયોગિક નિદર્શન કરાવી ઉપસ્થિત સાધકોને યોગાઅભ્યાસ કરાવ્યો હતો. ઉમરપાડા તાલુકાના છેવાડાના માનવી સુધી યોગ પહોંચે અને સમગ્ર તાલુકો 'યોગમય' બને તે માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સતત પ્રયત્નશીલ છે. આ શિબિરમાં આશરે ૨૭૦થી વધુ યોગી સાધકો સહભાગી બન્યા હતા. આ શિબિર ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઝોન કો-ઓર્ડિનેટર ડો. પારુલ પટેલ, સુરત જિલ્લા યોગ કો-ઓર્ડિનેટર નવનીત શેલડિયાની વિશેષ યોગાઅભ્યાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તા.પ્રમુખ રમેશભાઈ, ઉમરગોટ સરપંચ જગદીશભાઈ, શાળાના આચાર્ય ઘનશ્યામભાઈ, વિપુલભાઈ, વૃંદાબેન, શાળાના બાળકો સહિત ગ્રામજનો સહભાગી બન્યા હતા.

# ચેમ્બર ઓફ કોમર્સના ઓટો એક્સ્પોમાં રવિવારે રેકોર્ડ બ્રેક ભીડ

## એક જ દિવસે ૫૦ હજારથી વધુ મુલાકાતીઓ ઉમટયા

સુરત, તા.૧૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા આયોજિત સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્સ્પો ૨૦૨૬માં રવિવારના રોજ મુલાકાતીઓનો જબરજસ્ત ઉત્સાહ જોવા મળ્યો હતો. રવિવારે એક જ દિવસે અંદાજે ૫૦ હજારથી વધુ લોકોએ ઓટો એક્સ્પોની મુલાકાત લીધી હતી, જેના કારણે એક્સ્પોમાં રેકોર્ડ બ્રેક મુલાકાતીઓ નોંધાયા હતા. શુક્રવાર અને શનિવાર એમ બે દિવસ દરમિયાન મળીને ૨૨ હજારથી વધુ લોકોએ ઓટો એક્સ્પો નિહાળ્યો હતો, જ્યારે રવિવારે મોટી સંખ્યામાં લોકો પરિવાર સાથે ઉમટી પડતા સમગ્ર સ્થળ પર ભારે ભીડ જોવા મળી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, રવિવારની સવારથી જ ઓટો એક્સ્પોના સમગ્ર પાર્કિંગ વિસ્તારમાં વાહનોની લાંબી કતારો જોવા મળી હતી અને થોડા જ સમયમાં આખું પાર્કિંગ ભરાઈ ગયું હતું. શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો એક્સ્પો જોવા માટે આવ્યા હતા. મુલાકાતીઓએ વિવિધ અગ્રણી ઓટોમોબાઈલ કંપનીઓના લેટેસ્ટ મોડલ્સ, આધુનિક ટેકનોલોજી તથા ડિઝાઈન વિશે માહિતી મેળવી હતી. ઓટો એક્સ્પોમાં પ્રદર્શિત કરવામાં આવેલા વાહનોને નજીકથી જોવા તેમજ તેની વિશેષતાઓ સમજવા માટે લોકોમાં ખાસ ઉત્સુકતા જોવા મળી હતી.

ઓટો એક્સ્પોમાં આયોજિત સ્ટંટ બાઈક શો પણ મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. સ્ટંટ બાઈક રાઈડર્સ દ્વારા કરવામાં આવેલા રોમાંચક સ્ટંટસને દર્શકોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવ્યા હતા. આ ઉપરાંત ઓટો એક્સ્પોમાં બનાવવામાં આવેલું પ્રુવિંગ ગ્રાઉન્ડ પણ લોકોમાં ખાસ લોકપ્રિય બન્યું હતું. પ્રુવિંગ ગ્રાઉન્ડમાં વિવિધ પ્રકારના ઉબડખાબડ અને ખાડાવાળા ટ્રેક તૈયાર કરવામાં આવ્યા હતા, જેમાંથી વાહનોને પસાર કરીને તેમની ક્ષમતા અને પાવરની ઝલક દર્શાવવામાં આવી હતી. અનેક મુલાકાતીઓએ આ પ્રુવિંગ ગ્રાઉન્ડનો અનુભવ કરીને અનોખો રોમાંચ અનુભવ્યો હતો. સુરત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજને પણ રવિવારે ઓટો એક્સ્પોની મુલાકાત લીધી હતી. તેમણે પ્રદર્શિત કરવામાં આવેલા વિવિધ વાહનો નિહાળ્યા હતા તેમજ પ્રુવિંગ ગ્રાઉન્ડમાં જીપમાં બેસીને ઉબડખાબડ ટ્રેક પર સવારી કરીને તેનો રોમાંચક અનુભવ લીધો હતો. તેમણે સમગ્ર આયોજનની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, આ પ્રકારના ઓટો એક્સ્પો

અનુસંધાન પાના ૭ પર

# પ્રધાનમંત્રી મોદીના હસ્તે અદાણી પોર્ટસના હલ્દિયા ટર્મિનલમાં ભારતની પ્રથમ સંપૂર્ણ સ્વચાલિત ડ્રાય બલ્ક સુવિધા રાષ્ટ્રને સમર્પિત



**અમદાવાદ, ૧૪ માર્ચ ૨૦૨૬**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આજે હલ્દિયા બલ્ક ટર્મિનલ (HBT)નું ઉદ્ઘાટન કરીને તેને ઔપચારિક રીતે રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. વાર્ષિક ૪ મિલિયન મેટ્રિક ટનની ક્ષમતાના ડ્રાય બલ્ક કાર્ગોનું પરિવહન કરવા માટે હુગલી નદી પર નિર્માણ કરવામાં આવેલ આ ટર્મિનલ એક સંપૂર્ણ સ્વચાલિત બલ્ક સુવિધા સાથે સીધા રેલ જોડાણો ધરાવતું આ ટર્મિનલ ભારતના પૂર્વીય દરિયાઈ કોરિડોર દ્વારા બલ્ક કાર્ગોના પરિવહન માટે એક માળખાકીય અપગ્રેડેશન છે.

અદાણી પોર્ટ્સ અને સેઝ (APSEZ)ના પૂર્ણ-સમયના ડિરેક્ટર અને સી.ઇ.ઓ શ્રી અશ્વની ગુપ્તાએ જણાવ્યું હતું કે આગામી પેઢી માટેની ભારતના પૂર્વીય દરિયા કિનારા પર કાર્યક્ષમતાનો એક નવો માપદંડ સ્થાપિત કરતી હલ્દિયા બલ્ક ટર્મિનલની સુવિધા હુગલી સુધી સંપૂર્ણ યાંત્રિકીકરણ અને સીધી રેલ ખાલી કરાવશે. તેમણે કહ્યું હતું કે જેટી ડમ્પિંગને દૂર કરીને અદ્યતન સ્વચાલિત પધ્ધતિઓ દ્વારા કાર્ગોને થતાં નુકસાનને ઘટાડીને અમે સ્વચ્છ, સલામત અને વધુ ટકાઉ કામગીરી સુનિશ્ચિત કરી રહ્યા છીએ. આ ટર્મિનલ પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડની ઔદ્યોગિક પુરવઠા હરોળને મજબૂત બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવવા સાથે આધુનિક મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાના પ્રધાનમંત્રી મોદીના દ્રષ્ટીને સમર્થન આપશે.

આ ટર્મિનલ HDC બલ્ક ટર્મિનલ લિ. દ્વારા ડિઝાઈન, બિલ્ડ, ફાઈનાન્સ, ઓપરેટ અને ટ્રાન્સફર (DBFOT) મોડેલ મુજબ ૩૦ વર્ષના કરાર હેઠળ કોલકાતાના શ્યામા પ્રસાદ મુખર્જી બંદરના હલ્દિયા ડોક સંકુલ (HDC)માં વિકસાવવામાં આવ્યું છે. ૧૪ જુલાઈ ૨૦૨૩ ના રોજ તેના નિર્માણની શરૂઆતથી આજે રાષ્ટ્રને સમર્પિત સુધીની આ સફર દરેક પ્રક્લ્પોને સમયસર સંપ્પન કરી તેને કાર્યાન્વિત કરવાની અદાણી પોર્ટ્સની ક્ષમતા દર્શાવે છે.

હુગલી નદીના પશ્ચિમ કિનારા પર વ્યૂહાત્મક સ્થળે નિર્માણ થયેલું આ ટર્મિનલ આયાતી કોલસા અને વિવિધ પ્રકારની સૂકી જથ્થાબંધ ચીજવસ્તુઓનું પરિવહન કરવા માટે સજ્જ છે. ઉલ્લેખનિય છે કે કોલસો, બોક્સાઈટ અને ચૂનાના પત્થર સહિત ભારતની જથ્થાબંધ સૂકી આયાતમાં દેશનો પૂર્વ કિનારો લગભગ ૬૦% હિસ્સો ધરાવે છે, જે હલ્દિયાને પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડના સ્ટીલ, એલ્યુમિનિયમ અને પાવર ઉદ્યોગો માટે સૌથી કાર્યક્ષમ અને સીધું સામૃદ્રિક પ્રવેશ બંદર બનાવે છે. આ ક્ષમતા વધારાથી લોજિસ્ટિક્સ ખર્ચ અને આ ઉદ્યોગો માટે ટર્નઅરાઉન્ડ સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે.

બાંધકામની શરૂઆતથી કંપનીએ હાથ ધરેલા માળખાગત કાર્યોમાં ૨,૦૦૦_ ક્ષમતાની રેલ્વે વેગન લોડિંગ સિસ્ટમની સ્થાપના અને જહાજથી સીધો ટ્રેનમાં કાર્ગો ઠાલવવા માટેની ૧.૫૪ કિમીની સમર્પિત રેલ્વે લાઇન કાર્યરત કરવા ઉપરાંત હાલની જેટીનું નવીનીકરણ, અદ્યતન કન્વેયર સિસ્ટમ્સની સ્થાપના, પ્રક્રિયાને સ્વચાલિત કરવી, સ્વચાલિત સ્ટોકયાર્ડ મેનેજમેન્ટ માટે બે સ્ટેકર-કમ-રિક્લેમર્સની તૈનાતી તથા જહાજના ઝડપી ડિસ્ચાર્જ માટે બે મોબાઈલ હાર્બર ક્રેનનો ઉમેરો જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

RWLS અને સમર્પિત રેલ લાઇન ટર્મિનલની સૌથી મહત્વની વિશેષતાઓ એ છે કે તેઓ એકસાથે જહાજોમાંથી ખાલી કરવામાં આવતા જથ્થાબંધ કાર્ગોને સીધા રેલ્વે વેગનમાં ઠાલવીને મુખ્ય લાઇનો સાથે સાંકળી લેવાની સવલત પૂરી પાડતા હોવાથી બંદર ઉપર રહેવાનો સમય ઘટાડે છે અને ત્રણ રાજ્યોમાં ઔદ્યોગિક ગ્રાહકો માટે કાચા માલની ડિલિવરી કિંમત ઘટાડે છે.

ભારતના સાગરમાલા કાર્યક્રમ અને પીએમ ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનની સાથે સીધી રીતે સંરખિત હલ્દિયા ટર્મિનલ બંને ભારતના લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવા માટે મલ્ટિમોડલ પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રાથમિકતા આપે છે. પ્રધાનમંત્રી મોદી દ્વારા આ સુવિધાનું સમર્પણ પૂર્વીય દરિયા કિનારાના આધુનિકીકરણના રાષ્ટ્રીય વ્યૂહાત્મક મહત્વને પ્રદર્શિત કરે છે.



# નવા ચહેરાઓની કેમેરા યાત્રા

ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ કોલકાતામાં નવા મોડેલો માટે રેડ ફ્લેમ પ્રોડક્શન દ્વારા એક ખાસ પહેલ કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ મોહમ્મદ કામરુઝ જમાન (રાજેન) અને એ.આઈ.ટી.ટી.એ ક્લબના ડિરેક્ટર જયંત દાસગુપ્તાના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં શહેરમાં એક પોર્ટફોલિયો ફોટોશૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. નવા ચહેરાઓને મોડેલિંગ જગતમાં પોતાની ઓળખ બનાવવામાં મદદ કરવું જ આ પહેલનો મુખ્ય હેતુ હતો.

આ આયોજન કરાયેલા ફોટોશૂટમાં અનેક નવા મોડેલોએ ભાગ લીધો અને વ્યાવસાયિક માહોલમાં પોતાનું પ્રોફાઈલ તૈયાર કરવાની તક મેળવી. આયોજકોના જણાવ્યા મુજબ, યુવા પ્રતિભાઓને આગળ વધવા માટે પ્રોત્સાહન આપવું જ આ પહેલનો મુખ્ય ઉદ્દેશ છે.

મોડેલોમાં સંજના અધિકારી, અરુનિતા રાય, સ્વપ્ના વિશ્વાસ, મૌલિશા કુન્દુ, મિષ્ટી બેનર્જી, કસ્તુરી દે, મૌપ્રિયા દેવનાથ, અંજલી ચૌધરી, સુકન્યા મજુમદાર, સુતોર્સા ગુપ્તા, શાલિની ભટ્ટાચાર્ય, બૃષ્ટિ ચક્રવર્તી, પૌષાલી રાય, દીપિકા હાજરા, પરણા સરકાર અને તનિશા ઘોષ હાજર હતા.

પ્રસારણી કલાકારોમાં બોબી અને અનિમા ખાતૂન પણ હાજર હતા. સમગ્ર કાર્યક્રમને ફોટોગ્રાફર અબ્બાસ અલી દ્વારા કેમેરામાં કેદ કરવામાં આવ્યો હતો. ખાસ મહેમાન તરીકે ડૉ. દીપાયન મોંડલ ઉપસ્થિત રહ્યા હતા.

અંતે આ પહેલ માત્ર એક ફોટોશૂટ સુધી સીમિત રહી નથી, પરંતુ નવા સપનાઓને જોવા માટેનું એક મંચ બની ગઈ છે. કેમેરાના ફ્લેશ સાથે અનેક યુવા ચહેરાઓમાં આત્મવિશ્વાસ અને સંભાવનાઓ જાગૃત થઈ છે. આયોજકોનો આ અનોખો પ્રયાસ સાબિત કરે છે કે યોગ્ય તક મળ્યે કોલકાતાની નવી પ્રતિભાઓ આવનારા સમયમાં મોડેલિંગ જગતના તેજસ્વી ચહેરા બની શકે છે.





# હરિધામ સોસાયટીમાં આવેલ રાધા કૃષ્ણ હિન્દી વિદ્યાલય દ્વારા રવિવારનાં રોજ વિજ્ઞાન અને કળા પ્રદર્શની

સુરતના વરાછા વિસ્તારમાં આવેલા હરિધામ સોસાયટીમાં આવેલ રાધા કૃષ્ણ હિન્દી વિદ્યાલય દ્વારા તારીખ ૧૫-૩-૨૦૨૬ ને રવિવારનાં રોજ વિજ્ઞાન અને કળા પ્રદર્શનીનું આયોજનમા ૬૦૦ થી પણ વધુ વિદ્યાર્થિયોએ ભાગ લીધો હતો આ વિજ્ઞાન અને કળા પ્રદર્શમાં વિદ્યાર્થીઓએ ફાયર અલાર્મ, રોડ સેફટી અલાર્મ, ગુરુત્વાકર્ષણ બળ તેમજ વિજ્ઞાન પ્રમાણે અનેક પ્રકારના જુદા જુદા એક્સપેરીમેન્ટ કરી બધા વાલિયોને આશ્ચર્યચકિત કરી દીધા હતા વધુમાં વિદ્યાર્થીઓ દ્વારા સૌરમંડળની અદ્ભુત કળા-કૃતિયો કતેમજ .આર્ટ ગેલેરી .સોલાર સિસ્ટમ. નાના બાળકો દ્વારા અલગ અલગ ફ્રૂટમાંથી બનાવેલી વસ્તુવો તેમજ સ્કૂલમાં પ્રવેશ કરતાને સાથે જે ભક્તિમય દ્રષ્યો જોઇને બધા વાલિયોએ અભિનંદન પાઠવ્યા હતા આ આયોજન નિહાળવા માટે ૧૫૦૦ થી પણ વધારે વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને એની સાથે લોકોને મનોરંજન માટે લોક જાગૃતિ ના દ્રશિયો તેમજ કૈલાશ પર્વત તેમજ હાલ જે આયોધમાં રામ મંદિર તેમજ ખાટું શ્યામબાબા ના દર્શન નું નિર્માણ કરવામાં આવ્યું હતું આ કળા જોય ને સ્કૂલ પર આવનારા વાલિયો ખુબ જ આનંદિત થયા હતા આ ભવ્ય આયોજન જોય ને વાલિયોએ તેમજ ઉપસ્થિત મહેમાનો દ્વારા વિદ્યાલય પરિવારને ખૂબ-ખૂભ અભિનંદન પાઠવ્યા હતા અને બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય વિદ્યાલયમાં જોવાથી બધાજ વાલિયોએ આનંદની અનુભૂતિ કરી હતી વિદ્યાલયનાં ટ્રસ્ટીશ્રી આલોક પટેલ તેમજ સાગર પટેલ તેમજ બી.જે.પી કોર્પોરેટર મનીષાબેન આહિર તેમજ બી.જે.પી બક્ષીપંચ સુરત શહેર ઉપપ્રમુખ અશોકભાઈ હડીયા દ્વારા બાળકોની કળા-કૃતિ અને એમની મેહનતને ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને છોકરાઓનાં ઉજ્જવળ ભવિષ્ય માટે એવા પ્રોગ્રામની જરૂરીયાત મહસૂસ કરી અને એમના ઉજ્જવળ ભવિષ્ય માટે સદૈવ રહેવા માટે નું આશ્વાસન પાઠવ્યા હતા



# નવી સિવિલ હોસ્પિટલ ખાતે જરૂરિયાતમંદ મૃતકો માટે 'નિઃશુલ્ક કફન અને કોફિન' સેવાનો પ્રારંભ

**સુરતઃ કેન્દ્રીય જળ શક્તિમંત્રી સી. આર. પાટીલના જન્મ દિવસ નિમિત્તે સેવાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે સ્વ. મંજુલાબેન રમેશચંદ્ર પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નવી સિવિલ હોસ્પિટલ ખાતે મૃતકોના અંતિમ વિધિ માટે જરૂરી કફન, કોફિન અને પ્લાસ્ટિક વિના મૂલ્યે પૂરા પાડવાના સેવા કાર્યનો તા.૧૬મી ના રોજ સોમવાર સવારે ૧૧.૩૦ કલાકે પોલીસ ચોકીનું બાજુમાં પોસ્ટમોર્ટમ રૂમ ખાતે શુભારંભ કરવામાં આવશે.આ પ્રસંગે શહેર અધ્યક્ષ પરેશભાઈ પટેલ, દિનેશ રાજપુરોહિત, કૈલાશ હકીમ સહિતના અન્ય મહાનુભાવો અને સેવાભાવી કાર્યકરો વિશેષ ઉપસ્થિત રહી આ સેવાનો પ્રારંભકરાવશે.**

# મુંબઈના સુપ્રસિદ્ધ મૂર્તિકાર નિખિલ રાજન ખાતુ એ હવે સુરત માં પણ પોતાના કલાસાગર આર્ટ્સ નો શુભારંભ કર્યો

દેશ ના મહારાષ્ટ્ર બાદ ગણેશોત્સવ ની ઉજવણી ગુજરાત માં ભવ્ય રીતે થતી હોય છે તેમાં પણ સુરત ની વાત કરી તો કદાચ મુંબઈ માં પણ એટલા ભવ્ય રીતે ગણેશ આગમન નહીં થતા હોય તે રીતે સુરત માં આગમન કરી બાપ્પાનું સ્વાગત થતું હોય છે ત્યારે સુરત માં ૬ મહિના અગાઉ થી જ ગણેશ પ્રતિમા નું બુકિંગ જોવા મળી રહ્યું છે ત્યારે અનેક મંડળો મુંબઈ થી મૂર્તિકારો પાસે બાપ્પા ની પ્રતિમા ૨૫૦-૩૦૦ કિમી નું અંતર કાપી ૫૦-૬૦ કલાક માં પ્રતિમા સુરત લાવતા હોય છે તેને ધ્યાન માં રાખી હવે મુંબઈ ના મૂર્તિકારો સુરત માં મંડળો ને ધ્યાન માં રાખી પોતાનું વર્કશોપ શરૂ કરી રહ્યા છે

જેમાં મુંબઈ ના સુપ્રસિદ્ધ એવા નિખિલ રાજન ખાતું જે મુંબઈ ના નામચીન મંડળો ની મૂર્તિઓ તૈયાર કરતા હોય છે તેમણે આખરે સુરત માં જ પોતાનો બીજો વર્કશોપ શરૂ કરી દીધો છે જેથી કલાસાગર આર્ટસ પાસે પ્રતિમા લાવનાર સુરત ના મંડળો માં અનેરો આનંદ જોવા મળ્યો હતો તેમને હવે રોડ રસ્તા ની તકલીફો થી લાંબા અંતર થી છુટકારો મળી હવે સૂરત માં જ પોતાના મનપસંદ મૂર્તિકાર પાસેથી પ્રતિમા મળી કશે જો કે

નિખિલ ભાઈ ખાતું દ્વારા મળતી જાણકારી મુજબ , તેઓ નું સુરત માં વર્કશોપ શરૂ કર્યા ના પ્રથમ વર્ષ રહેતા તે લિમિટેડ બુકિંગ લેવાની જ વાત કરી હતી જેથી સમયસર મંડળો ને મૂર્તિ પણ આપી શકાય અને મંડળો ને શક્ય તેટલું શાર્પ કામ મળી વધુ સુંદર પ્રતિમા પણ તૈયાર થઈ શકે તેથી ૫૦% બુકિંગ લઈ લીધા બાદ હવે થોડી જ મૂર્તિઓ બુકિંગ માટે લઈ કાર્ય ટૂંક સમય માં જ શરૂ કરવામાં આવશે .છેલ્લા ૧૮ વર્ષ થી સુરતનું સાઈરામ યુવક મંડળ કલાસાગર આર્ટ્સ પાસે મુંબઈ થી મૂર્તિ લાવે છે જેમના સાથે વાત કરતા કમલ મેવાવાલા એ જણાવ્યું હતું કે , સુરત માં અમે છેલ્લા ૨૯ વર્ષ થી ભવ્ય ગણેશોત્સવ નું આગમન કરતા હોઈએ છીએ જેમાં કલાસાગર આર્ટ્સ પાસે થી છેલ્લા ૧૮ વર્ષ થી બાપ્પા ની પ્રતિમા લાવીએ છીએ દર વર્ષે અમે ગણેશ આગમન ના ૧૦ દિવસ અગાઉ બાપ્પા ની પ્રતિમા મુંબઈ થી લઈ આવતા હતા કારણ કે વાતાવરણ રોડ રસ્તા ની અમને ખબર પડતી નહોતી ક્યારે શું સંકટ આવી ને ઉભું રહી જતું તેનું નક્કી નથી હોતું ક્યારેક રોડ રસ્તા ખરાબ ક્યારેય વરસાદ હવા પાણી ફેરફાર ક્યારેય વાહન માં ખામી જેવી અનેક સમસ્યા નો સામનો અમે કર્યો અને નિખિલ ભાઈ ને અમે ઘણીવખત આ વાત કરી હતી તેથી તેમણે આખરે અમારી વાત નું માન રાખી સુરત માં જ પોતાનો વર્કશોપ શરૂ કરવાનો નિર્ણય કર્યો જેના અમે ખૂબ આભારી છીએ હવે અમને આવી કોઈ પણ સમસ્યા નો સામનો નહી કરવો પડે .





સ્કેટ કોલેજના વિદ્યાર્થીઓએ ઔદ્યોગિક મુલાકાત કાર્યક્રમના ભાગરૂપે સુરત સ્થિત Rhythm Chemicals Pvt. Ltd. ની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ), સંશોધન અને વિકાસ (Research & Development), ફાયર સેફ્ટી તેમજ ગુણવત્તા નિયંત્રણ અને વિશ્લેષણ (Quality Control & Analysis) વિભાગોની કામગીરીનો પરિચય મેળવ્યો હતો.આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને રસાયણિક ઉદ્યોગમાં અમલમાં મુકાતી વાસ્તવિક ઔદ્યોગિક પ્રક્રિયાઓ અને સુરક્ષા પદ્ધતિઓ અંગે પ્રાયોગિક સમજ મળી હતી. ઉદ્યોગના નિષ્ણાતોએ ઉત્પાદન પ્રક્રિયા અને ગુણવત્તા પરીક્ષણ સંબંધિત વિગતો વિદ્યાર્થીઓને સમજાવી હતી. આ અનુભવે વિદ્યાર્થીઓના પ્રાયોગિક જ્ઞાન અને તકનીકી સમજમાં વધારો કર્યો હતો.વિદ્યાર્થીઓને પ્રાયોગિક અનુભવ મળે તે માટે આ મુલાકાતનું આયોજન કરવા બદલ અમે ઉદ્યોગ સંચાલનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ મૂલ્યવાન શૈક્ષણિક અવસરનું આયોજન કરવા બદલ કોલેજ સંચાલન અને પ્રાધ્યાપકમંડળનો પણ અમે આભાર માનીએ છીએ.

# સુરતના હરિપુરામાં બળિયાદેવ મંદિરે ચૈત્રી હવન અને ભવ્ય ભંડારાનું આયોજન

સુરતઃ શહેરના હરિપુરા કાંસકીવાડ વિસ્તારમાં આવેલ શ્રી દારૂખાનાના મોટા બળિયાદેવ મંદિર ખાતે ધાર્મિક ભાવનાથી ચૈત્રી હવન તથા ભવ્ય ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૯ માર્ચ રવિવારના રોજ યોજાનાર છે, જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો હાજરી આપશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત સાંજે ૫:૩૦ વાગ્યે ચૈત્રી હવન યોજાશે, જ્યારે બપોરે ૧૧:૩૦ વાગ્યે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજન શ્રી બળિયા બાપજી સેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. ટ્રસ્ટના નવા વર્ષના મંડળના સભ્યો તથા સેવાભાવી આગેવાનોના સહયોગથી આ ધાર્મિક કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આયોજકો દ્વારા તમામ ભક્તજનોને મોટી સંખ્યામાં હાજરી આપી હવન તથા ભંડારાના પ્રસંગે ધર્મલાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું સ્થળ હરિપુરા કાંસકીવાડ, રોયલ બેકરીની ગલી, સુરત ખાતે રહેશે.



**તંત્રી લેખ...**

**સોમવાર, તા. ૧૬ માર્ચ ૨૦૨૬**

# સંયમ અને સ્વયંશિસ્તનું ટાણું

અમેરિકા-ઈરાનના પાગલપનને લીધે વિશ્વમાં ઊભી થયેલી સ્થિતિ અનેક રીતે, અનેક સંદર્ભે ચિંતા કરાવનારી છે. યુદ્ધ તો છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યાં છે. રશિયા અને યુક્રેન વચ્ચેની લડાઈ, ઈઝરાયલ દ્વારા હમાસ ઉપરના હુમલા સહિતના આઘાતો ચાલુ છે, પરંતુ આ યુદ્ધે વેપાર-ઉદ્યોગથી લઈને સામાન્ય જન સુધીના વિવિધ વર્ગને ચિંતામાં મૂકી દીધો છે. ભારત સહિત વિશ્વના અનેક દેશમાં ગેસ-પેટ્રોપેદાશની સ્થિતિ વિકટ બની છે. આપણે ત્યાં તો જનતાનાં મનમાં રીતસર ફડકો પડયો છે. હવે શું થશે તેવો પ્રશ્નાર્થ હોઠો ઉપર અને આંખોમાં લઈને ફરી રહ્યા છે. મુશ્કેલી તો છે, પરંતુ વ્યાકૂળ બનવાથી તેનો ઉકેલ નહી મળે. અફવા ફેલાવવાથી પરિણામ નહી મળે. એલપીજી ગેસ કે અન્ય કોઈ પણ આવશ્યક ચીજવસ્તુ ઉપલબ્ધ કરાવવી તે પ્રશાસનની ફરજ છે. સરકાર અને પ્રશાસને જાગતા રહેવું જ જોઈએ. તેના કરતાં પણ અગત્યનું છે પ્રશાસને પ્રજાનો વિશ્વાસ સંપાદિત કરવાનો છે, જે સ્થિતિ આકાર પામી છે તે જોતાં અહી રાજ્ય કે કેન્દ્ર સરકારને આરોપીના કઠોડામાં ઊભા રાખવાનો અર્થ નથી. આ આંતરિક કટોકટી નથી કે નથી અવ્યવસ્થા. આપણે ગેસ અને પેટ્રોલિયમ માટે બહારના દેશ ઉપર આધારિત-અવલંબિત છીએ. પુરવઠાની સાંકળ જ જ્યાં ખોરવાઈ હોય, પૂરતો જથ્થો પ્રાપ્ત થતો ન હોય ત્યાં કોઈ શું કરે? છતાં એટલું ચોક્કસ કે પ્રત્યેક ગ્રાહકને ગેસનો પુરવઠો મળે તે જોવાવું જોઈએ. લોકો ડરે તે સ્વાભાવિક છે, પરંતુ ડર દહેશતમાં પરિણમે તે યોગ્ય નથી. ગેસ સિલિન્ડરના બૂકિંગમાં રાતોરાત વધારો થયો છે. અચાનક માંગ નીકળી પડી છે. કદાચ નજીકના ભવિષ્યમાં ગેસ સિલિન્ડર નહી મળે તો, એવા ડરથી લોકો લાઈનોમાં ઊભા રહ્યા છે. નજીકના ભૂતકાળમાં આવી લાઈન જોવા મળી નથી. અત્યાર સુધી તો ગેસનો જથ્થો ઉપલબ્ધ છે, પરંતુ નજીકના દિવસોમાં તેની તંગી ઊભી થઈ શકે છે. આ સ્થિતિમાં પ્રથમ તો સામાન્ય જનતાએ સંગ્રહખોરી અને વેપાર-વ્યવસાય કરનારા લોકોએ, ગેસનું વિતરણ કરનારાઓએ કાળાબજારથી દૂર રહેવું જોઈએ. પ્રજાની વિપરિત સ્થિતિનો ગેરલાભ ઉઠાવવો હિતાવહ નથી. અફવા ફેલાવવી ન જોઈએ અને તેમાં આવી પણ જવું જોઈએ નહીં. જાહેર સંસ્થાઓનાં રસોડાં બંધ થઈ રહ્યાં છે, રેસ્ટોરન્ટ્સ-હોટેલ, પેઈંગગેસ્ટની વ્યવસ્થા જ્યાં છે ત્યાં ભોજન બંધ કરવા પડે તેવી સ્થિતિ થઈ રહી છે. લોકોનો ડર અસ્થાને નથી, પરંતુ અફવા અને બ્લેક માર્કેટિંગ અન્ય સ્થિતિની જેમ આ સંજોગોમાં પણ અપરાધ છે. આ સંયમ જાળવવાનો સમય છે. કેન્દ્ર સરકાર વારંવાર કહી રહી છે કે, ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. તકલીફ નહીં પડવા દેવાય. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આજે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી, સમીક્ષા કરીને સ્થિતિ નિયંત્રણમાં હોવાનું કહ્યું છે. ન ગભરાવા અને અફવા ન ફેલાવવા પ્રજાને તેમણે અનુરોધ કર્યો છે. સરકાર ઉપર આરોપ મૂકવાના, ત્રુટિઓ શોધવાના આ દિવસો નથી. પ્રથમ તો ભરોસો મૂકવો પડશે, જરૂર હોય તેટલો જ વપરાશ ગેસ સહિતની ચીજનો કરવો એવું લોકોએ પણ નક્કી કરવું પડશે. કોઈની સામે થઈને નહી, સોએ સાથે રહીને સ્થિતિનો સામનો કરવાનો છે.

# ટ્રમ્પ વિજયની ઘોષણા કરીને ખાડીમાંથી પીછેહઠ કરશે ?

ઈરાન - અમેરિકાની લડાઈ ક્યારે બંધ થશે? આ પ્રશ્ન આપણે જ નહીં, અમેરિકામાં પણ પૂછાઈ રહ્યો છે ! અનિશ્ચિત સ્થિતિ છે કારણ કે, પ્રેસિડન્ટ ટ્રમ્પ રોજબરોજ વિરોધાભાસી નિવેદનો કરી રહ્યાં છે. હવે છેલ્લા અહેવાલ મુજબ એમણે ધમકી આપી છે કે, આગામી સપ્તાહે ઈરાન ઉપર ખૂબ જ ભારી હુમલો થશે. આ અગાઉ એમણે 'ફોક્સ ન્યૂઝ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, ઈરાન હવે ખતમ થયું છે - હવે હુમલા જ ક્યાં કરવા? આ ઈન્ટરવ્યૂ પછી અહેવાલો અને અટકળો એવી શરૂ થઈ કે ટ્રમ્પ હવે યુદ્ધવિરામ કરવા માગે છે. ઈરાનમાં અમેરિકાના વિજયની જાહેરાત કરીને વિશ્વને રાહત આપશે? પણ આવી આશા રાખવાની ઉતાવળ કરી શકાય એમ નથી. પ્રશ્ન એ છે કે, ટ્રમ્પ આવી વિરોધાભાસી જાહેરાતો કેમ કરી રહ્યા છે? ઈરાનને ખોટી આશા અને ગેરમાર્ગે દોરવા માગે છે? વાસ્તવમાં ઈરાને વળતા હુમલા કર્યા છે. ઈઝરાયલ અને બીજા અખાતી દેશોને નુકસાન પહોંચાડયું છે, એટલું જ નહીં લડાઈ છ મહિના ચાલે તો પણ પોતે તૈયાર હોવાનું જણાવ્યું છે. વોશિંગ્ટનથી આવતા અહેવાલો ટ્રમ્પના સલાહકારોમાં એકમતી નહીં હોવાનો સ્પષ્ટ નિર્દેશ આપે છે. વ્હાઈટ હાઉસમાં સલાહકારોનું એક ગ્રુપ કહે છે કે લડાઈ લાંબી ચાલે તો અમેરિકાને ભારે પડશે : ઈંધણ - ગેસોલીનના ભાવ વધી રહ્યા છે તેની રાજકીય કિંમત ચૂકવવી પડશે. ટ્રમ્પના આર્થિક સલાહકારો અને રાષ્ટ્રીય ઈકોનોમિક કાઉન્સિલના સભ્યોએ ટ્રમ્પને ચેતવ્યા છે કે, ક્રૂડતેલના ભાવમાં થયેલો ભડકો અર્થતંત્રને દઝાડી રહ્યો છે અને તેની અસર જનમાનસ ઉપર પડી છે. અમેરિકામાં લડાઈને સમર્થન આપનારા લોકોની સંખ્યા ઓછી છે અને ઘટતી જાય છે! ટ્રમ્પના રાજકીય સલાહકારો પણ આ ચેતવણી સાથે સંમત છે, ત્યારે બીજી બાજુ લડાઈ ચાલુ રાખવાની હિમાયત કરનારા પણ ઘણા છે. ઈરાન અણુશસ્ત્રો ધરાવે અને અમેરિકી સૈનિકો ઉપર હુમલો કરે ત્યાં સુધી રાહ જોઈ શકાય નહીં એમ કહે છે. ત્રીજી બાજુ ટ્રમ્પની લોકપ્રિયતા ઉપર

નજર રાખનારા પણ કહે છે કે, આપણે વધુ મોટા સંઘર્ષમાં ફસાઈ જવાની જરૂર નથી. રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીમાં પણ વિરોધાભાસી નિવેદનો આવી રહ્યાં છે. આમ વિરોધાભાસી સલાહ અને સૂચનો વચ્ચે ટ્રમ્પ - હાલકડોલક છે ! સંરક્ષણ ખાતાંએ કોંગ્રેસ - અમેરિકી સંસદને આપેલી માહિતી મુજબ લડાઈના એક જ સપ્તાહમાં અમેરિકાએ ૧૧.૩ બિલિયન ડોલરનો ધુમાડો કર્યો છે અને આ આંકડામાં સતત વધારો થઈ રહ્યો છે. ઘણા નિરીક્ષકો માને છે કે, ટ્રમ્પ માટે હિતાવહ વ્યૂહ એક જ છે : માત્ર યુદ્ધ ખતમ - બંધ થયાની અને ઈરાનનો ભારે પરાજય થયાની જાહેરાત કરી દેવી, પણ ઈરાનમાં શાસન પરિવર્તન કરવાની 'પ્રતિજ્ઞા' કરી હોવાથી ટ્રમ્પ પીછેહઠ કરશે?

**નજર રાખનારા પણ કહે છે કે, આપણે વધુ મોટા સંઘર્ષમાં ફસાઈ જવાની જરૂર નથી. રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીમાં પણ વિરોધાભાસી નિવેદનો આવી રહ્યાં છે.**

**આવી નોટિસ મળ્યા પછી સ્પીકર અથવા રાજ્યસભાના અધ્યક્ષ નક્કી કરે કે નોટિસ સ્વીકારવી કે નહીં.**

# વિપક્ષોને આ રીતે જનતાનો વિશ્વાસ મળશે ?

## નિશાના ઉપર મોદી જ હોય ! રાહુલ ગાંધીએ ચૂંટણીપંચ અને કમિશનર સામે લ્લએટમ બોમ્બ' ફોડવાની જાહેરાત કરી હતી

લોકસભાના સ્પીકર ઓમ બિરલા સંસદીય કાર્યવાહીમાં પક્ષપાત કરે છે અને શાસકપક્ષની તરફેણમાં નિર્ણય લઈ રહ્યા છે એવી ફરિયાદ - આક્ષેપના આધારે એમનામાં અવિશ્વાસ દર્શાવતો ઠરાવ લોકસભામાં ચર્ચાયો અને નામંજૂર થયા પછી હવે ચૂંટણીપંચના વડા - મુખ્ય કમિશનર સામે મહાભિયોગ - એમને પદ ઉપરથી હટાવવાની પ્રક્રિયા શરૂ કરવાનો પ્રસ્તાવ લોકસભામાં રજૂ થયો છે. વિપક્ષી નેતાઓ જાણે છે કે એમનો આ પ્રસ્તાવ પણ નામંજૂર થશે, ઊડી જશે તો પણ તેઓ શા માટે આક્રમક બની રહ્યા છે ? વિપક્ષી નેતાઓ જાણે છે કે વારંવાર ચૂંટણી થઈ તેમાં તેઓ જનતાનો વિશ્વાસ જીતી શક્યા નથી, છતાં મોદી સરકાર સામે અવિશ્વાસ વ્યક્ત કરીને એમને હટાવવાના પ્રયાસ કરી રહ્યા છે ! લોકસભાના સ્પીકર સામે ઠરાવ પસાર થાય કે મુખ્ય ચૂંટણી કમિશનર સામે થાય તો તે સરકારનો પરાજય ગણાય અને રાજીનામાંની માગણી થાય. રાજીનામું આપવું પડે. આમ, વિપક્ષની નજર અને લક્ષ્ય વડાપ્રધાન મોદી ઉપર જ છે ! સ્પીકર સામેનો અવિશ્વાસ ઠરાવ ઊડી જશે એ બાબત શંકા ન હતી. શાસકપક્ષો પાસે સંખ્યાબળ છે તેથી ઠરાવ પસાર થવાની આશા જ નહોતી, તેથી જ વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ વિધિસર ચર્ચામાં ભાગ લીધો નહીં અને મતદાન વખતે અખિલેશ યાદવ પણ હાજર રહ્યા નહીં. વિપક્ષી સભ્યોએ ધાંધલ કરી તેથી વિધિસર મતદાનને બદલે ધ્વનિમતથી ઠરાવ નામંજૂર થયો ! કોંગ્રેસની ગણતરી હતી કે ભલે ઠરાવ મંજૂર થાય નહીં, છતાં ચર્ચામાં સરકાર ઉપર પ્રહાર તો કરી શકાશે. વિપક્ષ કહી શકે 'ટાઈગર અભી ઝિંદા હૈ!' વિપક્ષી એકતા અને વિપક્ષી નેતા રાહુલ ગાંધીનો 'પ્રભાવ' બતાવી શકાય. ઠરાવ

ભલે ઓમ બિરલા સામે હોય, નિશાના ઉપર મોદી જ હોય ! રાહુલ ગાંધીએ ચૂંટણીપંચ અને કમિશનર સામે 'એટમ બોમ્બ' ફોડવાની જાહેરાત કરી હતી, પણ ફિયાસ્કો થયો ! આ પહેલાં સંવિધાનની નકલ હાથમાં લઈને સંવિધાન, શાસનતંત્ર, ચૂંટણીપંચ અને સરકારી તપાસ સંસ્થાઓ તથા મીડિયા પણ મોદીભક્ત અથવા ગુલામ હોવાના આક્ષેપ કર્યા, પણ ચૂંટણીમાં ફાવ્યા નહીં, આ પછી એમનાં નિશાન ઉપર સંસદ છે. સ્પીકર ઉપર અવિશ્વાસમાં નિષ્ફળ ગયા, પણ ચર્ચાનાં કેન્દ્રમાં વડાપ્રધાન ! ટ્રમ્પે રશિયન તેલ ખરીદવાની છૂટ કેવી રીતે આપી ? મોદીએ શરણાગતિ સ્વીકારી ?! હવે ફરી ફરીને પાછા મુખ્ય ચૂંટણી કમિશનર ઉપર આવ્યા છે ! ચૂંટણીમાં પરાજય બદલ રાહુલજી નહીં, ચૂંટણી કમિશનર જવાબદાર છે એવો સંદેશો જનતાને આપવો છે. કોંગ્રેસ કાર્યકરો અને વિપક્ષી ભાગીદારોને પણ ખાતરી કરાવવી છે ! ભારતીય ચૂંટણી અને સંસદના ઈતિહાસમાં આ પ્રથમ વખત મુખ્ય ચૂંટણી કમિશનરને પદભ્રષ્ટ કરવા માટે વિરોધપક્ષોએ ઠરાવ રજૂ કર્યો છે. લોકસભાના સ્પીકર સામે પક્ષપાતનો આક્ષેપ અને અવિશ્વાસનો ઠરાવ હતો. ચૂંટણી કમિશનર ઉપર પણ પક્ષપાત સહિત આક્ષેપો મૂકીને મહાભિયોગ - પદ ઉપરથી દૂર કરવાનો પ્રસ્તાવ છે. પ્રસ્તાવ આખરી તબક્કામાં નામંજૂર થશે, પણ ચર્ચા થાય ત્યારે ચૂંટણીપંચ અને વડાપ્રધાન ઉપર આક્ષેપો તો થશે. ભૂતકાળમાં વર્ષ ૧૯૯૧માં ચૂંટણી કમિશનર ટી. એન. શેષન અને ૨૦૦૬માં નવીન ચાવલા ઉપર સંસદમાં વિરોધ પક્ષોએ પસ્તાળ પાડી હતી, પણ આ વખતે મર્યાદા ઓળંગીને પ્રસ્તાવ લાવી રહ્યા છે. જનતાનો વિશ્વાસ મેળવી શક્યા નહીં, તેથી હવે સંવિધાનની લોકતાંત્રિક સંસ્થાઓ અને સરકાર સામે અવિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે.મુખ્ય ચૂંટણી કમિશનર સામેનાં 'આક્રમણ'માં પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનરજીની આગેવાની છે. પશ્ચિમ બંગાળમાં મતદારયાદીઓની ફેરતપાસ - ચકાસણીમાં ઘણી મોટી સંખ્યામાં નામ પકડાયાં અને રદ કરવામાં આવ્યાં, તેથી મમતા ધૂંધવાઈ રહ્યાં છે. સુધારેલી યાદીના આધારે એમને બહુમતી મળવાની આશા દેખાતી નથી. સુપ્રીમ કોર્ટે એમની કેટલીક ફરિયાદ સ્વીકારીને પંચને સૂચના આપી હતી, પણ મમતાજીએ કેન્દ્ર સરકાર સામે જંગ છેડયો છે. એમના માટે તો રાજકીય ભવિષ્યનો સવાલ છે.અત્યારે સંસદમાં ચાલતા વિવાદ અને સત્તાના સંગ્રામમાં રાજકીય શતરંજ છે. સ્પીકર સામેના ઠરાવમાં મમતાનો સહકાર મેળવાયો અને હવે ચૂંટણી કમિશનર સામે 'ઈન્ડિ' મોરચાને મમતાજીનો ટેકો મળ્યો છે ! મુખ્ય ચૂંટણી કમિશનર સામે મહાભિયોગ-ઈમ્પિચમેન્ટની કાર્યવાહી આસાન નથી. સુપ્રીમ કોર્ટના કોઈ મુખ્ય ન્યાયમૂર્તિ સામે કામ ચલાવવાની જે પ્રક્રિયા છે, તે અહીં લાગુ પડે છે અને તેનો પ્રબંધ સંવિધાનમાં છે. વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક ૧૫મી માર્ચ, ૨૦૨૪માં થઈ છે અને ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના એમણે કાર્યભાર સંભાળ્યો છે. ૨૦૨૯ના જાન્યુઆરી સુધી તેઓ જવાબદારી સંભાળશે, પણ એમને દૂર કરવાની કાર્યવાહી મમતા બેનરજીએ શરૂ કરી છે. ચૂંટણીમાં મતદારોની યાદીમાં જે કાપકૂપ થઈ, ગેરકાયદે મતદાર બની બેઠેલા 'ઘરજમાઈઓ'નાં નામ રદ કરવામાં આવ્યાં, તે સામે વિરોધ છે. ભારતીય સંવિધાન - રાજ્ય બંધારણની કલમ ૩૨૪ (૫) અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિને હટાવવા માટે જે જોગવાઈઓ છે, તે લાગુ પડે છે. સૌપ્રથમ તો લોકસભાના ૧૨૦ અને રાજ્યસભા ૫૦ સભ્યએ નોટિસ ઉપર સહી કરી હોવી જોઈએ. આ નોટિસમાં વિપક્ષોએ સાત મુખ્ય આક્ષેપ કર્યા છે, જેમાં સ્પષ્ટ ભેદભાવ રખાયા હોવાનો અને રાજ્ય સરકારની કામગીરીમાં દખલ કરાતો હોવાનો આક્ષેપ મુખ્ય છે. આવી નોટિસ મળ્યા પછી સ્પીકર અથવા રાજ્યસભાના અધ્યક્ષ નક્કી કરે કે નોટિસ સ્વીકારવી કે નહીં. સ્વીકાર્યા, દાખલ થયા પછી સ્પીકર ત્રણ સભ્યની વિશેષ તપાસ સમિતિ નીમે. તેમાં સુપ્રીમ કોર્ટના એક જજ, કોઈપણ હાઈકોર્ટના એક ચીફ જસ્ટિસ અને એક કાયદાનિષ્ણાતનો સમાવેશ થાય છે. ફરિયાદો - આક્ષેપોની તપાસ કરીને અહેવાલ આપે તે લોકસભા / રાજ્યસભામાં સુપ્રત થાય, ચર્ચા થાય અને પછી રાષ્ટ્રપતિજીને અહેવાલ મોકલી આપવામાં આવે. આમ, આ પ્રક્રિયા લાંબી છે અને સાવધાની અનિવાર્ય છે. રાષ્ટ્રપતિને મોકલતાં પહેલાં ગૃહમાં હાજર રહેલા સભ્યોમાંથી બે તૃતીયાંશ સભ્યોનું સમર્થન મળે તો જ ઠરાવ પસાર થયો ગણાય. આ પ્રક્રિયા શરૂ થયા પછી મહિનાઓ નીકળી જાય અને ત્યાં સુધીમાં પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરીમાં ચૂંટણીપ્રક્રિયા પૂરી થઈ હશે. મુખ્ય ચૂંટણી કમિશનર આ રાજ્યોમાં ચૂંટણીની તારીખ - કાર્યક્રમ જાહેર કરે, આચારસંહિતા લાગુ પાડે તે પહેલાં - સમય જોઈને સંસદમાં મહાભિયોગની નોટિસ આપવામાં આવી છે ! મમતા બેનરજી સાથે કોંગ્રેસ અને અન્ય પક્ષો જોડાયા છે, પણ બીજુ જનતા દળ, બીઆરએસ અને વાયએસઆર કોંગ્રેસ અલગ રહ્યા છે. આમ આદમી પાર્ટીના સભ્યોમાં મતભેદ છે. તમામ સભ્યોએ ટેકો આપ્યો નથી અને ઓવૈસીનો સંપર્ક - સમર્થન માગવામાં આવ્યું નથી. પણ, વિપક્ષો - રાહુલ ગાંધી હોય કે મમતા બેનરજીને વિપક્ષી એકતા બતાવ્યાનો અને મુખ્ય ચૂંટણી કમિશનર ઉપરાંત મોદી સરકાર ઉપર આક્રમક પ્રહાર કર્યાનો સંતોષ મળશે, પણ આ રીતે જનતાનો વિશ્વાસ મેળવી શકશે ? સંસદીય લોકશાહીના સ્તંભો ઉપર આક્ષેપોનો કાદવ ઉછાળવાનું વિપક્ષો ટાળી શક્યા હોત. ટીકા કરો, ભૂલ બતાવો, કાન પકડો, પણ નાક અને મસ્તક કાપવાના પ્રયાસ નિષ્ફળ હોય તો પણ સંસદીય લોકશાહી માટે લાંછનરૂપ છે. જનતાએ વિરોધપક્ષોમાં અવિશ્વાસ દર્શાવ્યા પછી વિરોધપક્ષો લોકતંત્ર અને સરકારમાં અવિશ્વાસ પ્રદર્શિત કરવા માગે છે !

**આઈપીએલની સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમની માલિકી પણ સન ગ્રૂપની છે ને કાવ્યા તેની સીઈઓ છે**

# બાંગ્લાદેશને ડીઝલ આપો એ ચાલે, ક્રિકેટર ખરીદો એ ના ચાલે!

**■ આપણી ભારત સરકાર ૧૩૧ કિલોમીટર લાંબી ભારત-બાંગ્લાદેશ ફ્રેન્ડશિપ પાઇપલાઇન દ્વારા બાંગ્લાદેશને ડીઝલ આપી રહ્યું છે. આ કંઈ એક વખતની વાત નથી પણ બારે મહિના આપે છે.**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૬ની સિઝન માટે શાહરૂખ ખાનની કોલકાતા નાઈટ રાઈડર્સે બાંગ્લાદેશના ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને ખરીદ્યો તેના કારણે મચેલી બબાલ માંડ માંડ શાંત થઈ છે ત્યાં હવે પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદનો ડખો શરૂ થયો છે. દુનિયાભરમાં અત્યારે ક્રિકેટનાં નાનાં ફોર્મેટની લોકપ્રિયતા છે તેથી બધે આઈપીએલ જેવી પ્રીમિયર લીગ શરૂ થઈ છે. ક્રિકેટની જન્મભૂમિ મનાતા ઈંગ્લેન્ડે આ લોકપ્રિયતાનો લાભ લેવા એક કદમ આગળ વધીને ધ હન્ડ્રેડ લીગ રમાડવાનું નક્કી કર્યું છે. ટી ૨૦માં ૨૦ ઓવર એટલે કે ૧૨૦ બોલ હોય છે તેના બદલે ધ હન્ડ્રેડમાં બંને ટીમ સો-સો બોલ રમશે. મતલબ કે લગભગ ૧૭-૧૭ ઓવર રમશે. આ ધ હન્ડ્રેડ લીગ માટે હમણાં હરાજી થઈ તેમાં સનરાઈઝર્સ લીડ્સે પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને ૧.૯૦ લાખ પાઉન્ડ (અંદાજે ૨.૩૪ કરોડ રૂપિયા)માં ખરીદ્યો તેમાં બબાલ થઈ ગઈ છે. સનરાઈઝર્સ લીડ્સની માલિકી તમિળનાડુના શાસક ડીએમકેના કર્તાહર્તા સ્ટાલિનના પિતરાઈ બિઝનેસમેન કલાનિધિ મારનના સન ગ્રૂપની છે અને ટીમની સીઈઓ કલાનિધિની દીકરી કાવ્યા મારન છે. આઈપીએલની સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમની માલિકી પણ સન ગ્રૂપની છે ને કાવ્યા તેની સીઈઓ છે.સનરાઈઝર્સ લીડ્સે પાકિસ્તાની ખેલાડીને ખરીદ્યો તેમાં સોશ્યલ મીડિયા પર કહેવાતા દેશભક્તો તૂટી પડ્યા છે અને કાવ્યા મારનની દેશભક્તિ સામે સવાલ ઉઠાવી રહ્યા છે. કહેવાતા દેશભક્તો સ્ટાલિનને પણ નિશાન બનાવી રહ્યા છે અને ભારતમાં આતંકવાદ ફેલાવનારા પાકિસ્તાની ક્રિકેટરને ખરીદીને સ્ટાલિનનો પરિવાર ભારત વિરોધી માનસિકતા છતી કરી રહ્યો છે એવી કોમેન્ટ્સ પણ થઈ રહી છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે કાવ્યાની ટીમને આઈપીએલમાંથી તગેડી મૂકીને પાઠ ભણાવવો જોઈએ એવી માગણી પણ કેટલાકે કરી છે.

કાવ્યા મારન તો ચૂપ છે પણ સનરાઈઝર્સ લીડ્સના હેડ કોચ ડેનિયલ વિટોરીએ ચોખવટ કરી છે કે, ટીમે એક સ્પેશિયલાઈઝ્ડ સ્પિનર લેવાનું નક્કી કરેલું ને પહેલી પસંદગી ઈંગ્લેન્ડનો સ્ટાર સ્પિનર આદિલ રશીદ હતો પણ ઓક્શનમાં રશીદને સાઉધર્ન બ્રેવે ખરીદી લેતાં સનરાઈઝર્સ લીડ્સે બીજા વિદેશી સ્પિનરના વિકલ્પો પર ધ્યાન આપવું પડ્યું. અબરાર સિવાય બાંગ્લાદેશનો રિશાદ હુસૈન અને પાકિસ્તાનનો ઉસ્માન તારિક ઉપલબ્ધ હતા. અબરાર અહેમદની બેઝ પ્રાઈસ આશરે ૯૨.૫ લાખ રૂપિયા હતી પણ ઓક્શનમાં તેને ખરીદવા માટે સનરાઈઝર્સ લીડ્સ અને ટ્રેન્ટ રોકેટ્સ વચ્ચે જોરદાર જંગ થયેલો. છેવટે સનરાઈઝર્સે ૧.૯૦ લાખ પાઉન્ડ (લગભગ ૨.૩૪ કરોડ રૂપિયા) આપીને અબરારને ખરીદી લીધો. મતલબ કે, બાંગ્લાદેશી અને પાકિસ્તાનીઓ જ ઉપલબ્ધ હતા તેથી બબાલ તો થવાની જ હતી.બીસીસીઆઈએ પણ ચોખવટ કરી છે કે, અમારે પાકિસ્તાની અબરારની ખરીદી સાથે નાહવા-નિચોવવાનો સંબંધ નથી. આ મામલો ઈંગ્લેન્ડના બોર્ડનો છે ને અમારા અધિકારક્ષેત્રમાં આવતો જ નથી. આ વિદેશી લીગનો મામલો છે તેથી એ લોકો જે કંઈ નક્કી કરે એ ફાઈનલ ગણાય. આઈપીએલમાં રમનારી સનરાઈઝર્સ હૈદરાબાદ અને હંડ્રેટ લીગની સનરાઈઝર્સ લીડ્સ બંને ટીમોના માલિક ભલે એક હોય પણ બંને ટીમો અલગ છે તેથી આઈપીએલમાં મારનની ટીમ સામે કોઈ પગલાં લેવાનો સવાલ જ પેદા થતો નથી. જેમનો દેશપ્રેમ અત્યારે ફાટફાટ થઈ રહ્યો છે એવા લોકો આ કોઈ વાત સાંભળવા તૈયાર જ નથી. કાવ્યા મારનને બેફામ ગાળાગાળી થઈ રહી છે અને મનફાવે એમ લખાઈ રહ્યું છે. તમિળનાડુ વિધાનસભાની ચૂંટણી નજીક છે તેથી આ દેશપ્રેમનો ઊભરો આવ્યો છે કે સાચે જ આ દેશભક્તોને લાગી આવ્યું છે એ ખબર નથી પણ મુસ્તફિઝુરને શાહરૂખની ટીમે ખરીદ્યો ત્યારે જે માહોલ હતો એવો જ માહોલ પેદા કરવાની કોશિશ થઈ રહી છે. મુસ્તફિઝુરનો વિરોધ બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યાઓના નામે થઈ રહ્યો હતો જ્યારે અબરારનો વિરોધ પાકિસ્તાન પ્રેરિત આતંકવાદના નામે થઈ રહ્યો છે. ભારતમાં થયેલા વિરોધના પગલે બોર્ડે શાહરૂખની ટીમને મુસ્તફિઝુરને નહી લેવા સૂચના આપતાં કોલકાતા નાઈટ રાઈડર્સે રહેમાનને છૂટો કરી દીધો હતો. બાંગ્લાદેશે વળતો પ્રહાર કરીને ટી ૨૦ વર્લ્ડ કપમાં પોતાની ટીમને ભારત નહીં મોકલવાનો નિર્ણય લીધો હતો. ભારતે તેનો જવાબ બાંગ્લાદેશની ટીમને વર્લ્ડ કપમાંથી બહાર કઢાવીને આપ્યો હતો. નારાજ બાંગ્લાદેશી સરકારે બાંગ્લાદેશમાં આઈપીએલની મેચોના પ્રસારણ પર પ્રતિબંધ મૂકી દીધો છે. અબરારના કેસમાં બોર્ડે પહેલાં જ હાથ અધ્ધર કરી દીધા છે ને સ્ટાલિનનો પરિવાર ઝૂકે એવી શક્યતા ઓછી હોવાથી કહેવાતા દેશભક્તો અબરારને બહાર કઢાવવામાં સફળ થશે કે કેમ તેમાં શંકા છે. ઈંગ્લેન્ડનું ક્રિકેટ બોર્ડ પણ પોતાની લીગમાં બહારનાં પરિબળો કડછો મારે એવું પસંદ ના કરે તેથી અબરાર કાવ્યા મારનની ટીમમાંથી જ રમે એવી પ્રબળ શક્યતા છે. તેની સામે ભારતમાં દેકારો મચશે, સન ટીવીને ગાળાગાળી ને દેખાવોનાં નાટક પણ થશે. જે પણ થશે એ આપણી નજર સામે થવાનું છે તેથી તેની વાત અત્યારથી માંડવાનો અર્થ નથી પણ આ ઘટનાક્રમ આપણે ત્યાં દેશભક્તિના નામે તાયફા ને ગંદી રાજકીય રમતો રમાય છે એ ફરી છતું કરી દીધું છે. પાકિસ્તાની ક્રિકેટર અબરારને ભારતીય માલિકીની ટીમે ખરીદ્યો તેમાં જે લોકોને દેશપ્રેમનો ઊભરો આવી ગયો એ જ લોકો ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતની ટીમ પાકિસ્તાન સામે રમી ત્યારે ચૂપ હતા. કોલંબોમાં ૧૫ ફેબ્રુઆરીએ જ આપણી ટીમ પાકિસ્તાન સામે રમી હતી. પાકિસ્તાન અત્યારે આતંકવાદી રાષ્ટ્ર લાગે છે ત્યારે મહિના પહેલાં આતંકવાદી રાષ્ટ્ર નહોતું ? એ આતંકી દેશની ટીમ સામે આપણી ટીમ રમી ત્યારે આ નમૂનાઓનો દેશપ્રેમ ક્યાં સૂઈ ગયેલો ? કાવ્યા મારન દેશદ્રોહી લાગે છે તો પાકિસ્તાન સામે રમવાની મંજૂરી આપનારા આપણા બોર્ડના કારભારીઓ શું કહેવાય ? આ દેશભક્ત નમૂનાઓએ તેમને કેમ ગાળો ના આપી ? કેમ ટ્રોલ ના કર્યા ? કેમ કે દેશપ્રેમ સગવડિયો છે, રાજકીય સ્વાર્થ પ્રેરિત છે. આ જ વિવાદના સંદર્ભમાં બીજી પણ મહત્વની વાત કરી લઈએ. મુસ્તફિઝુરનું પ્રકરણ સમાપ્ત થઈ ગયું છે અને તેના સ્થાને શાહરૂખની ટીમે મુસ્તફિઝુરના સ્થાને ઝિમ્બાવેના બ્લેસિંગ મુઝરબાની ને લઈ પણ લીધો તેથી ક્રિકેટના સંદર્ભમાં કોઈ વિવાદ રહ્યો નથી પણ જેમણે મુસ્તફિઝુરના સમાવેશ સામે હોહા કરીને દેશપ્રેમની મોટી મોટી વાતો કરેલી તેમને એક સવાલ છે. બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યાઓ થઈ તેથી આપણે બાંગ્લાદેશી ક્રિકેટરને ના રમાડવો જોઈએ તો બાંગ્લાદેશને ડીઝલ આપવું જોઈએ ?

**જગ્ગી વાસુદેવ નાનપણથી સાહસિક. ખાવા-પીવાનું લઇને નિર્જન જંગલોમાં ઊતરી પડે..**

# આધ્યાત્મિક ચેતનાની ભૂમિ

## પ્રખર રામાયણી મોરારિબાપુ સમયાંતરે જ્ઞાનયજ્ઞ માટે કચ્છ ઉપર પસંદગી ઉતારે છે.

વિખ્યાત સેવા સંસ્થા ઈશા ફાઉન્ડેશનના વડા સદ્ગુરુ જગ્ગી વાસુદેવ દિગ્ગજ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સાથે કચ્છના રાજવી પરિવારનાં મહારાણી પ્રીતિદેવીને મળ્યા. કચ્છની ધરતી પર વિશ્વકક્ષાના આધ્યાત્મિક આશ્રમની સ્થાપના અંગે ચર્ચા કરી એ ઘટના મહત્ત્વની છે. કચ્છભૂમિ તેની ભૌગોલિક પોઝિશનને લીધે ગુજરાત અને દેશની સુરક્ષાના દૃષ્ટિકોણથી સંવેદનશીલ મનાતી રહી છે. અહીંની ધરતીની માટીમાં પુરુષાર્થ અને લડાયક અભિગમ ભારોભાર ભર્યો છે. ધરતી સત્ત્વશીલ... અને તે પણ કેવી... હળ - ટ્રેક્ટર ચલાવનારા મહેનતકશ કિસાન સારો વરસાદ થાય ત્યારે પુષ્કળ ગુણવત્તાયુક્ત પાક મેળવે છે. ખનિજ ઉત્ખનન દ્વારા કરોડો - અબજો રૂપિયાનું ટર્નઓવર થાય છે... ઈતિહાસ, કળા, સંસ્કૃતિ, પુરાતત્ત્વ, ધાર્મિક સ્થાનોએ કચ્છભૂમિને આગવું સ્થાન આપ્યું છે. આ બધાથી વિશેષ એક નોંધનીય વાત એ પણ છે કચ્છની આધ્યાત્મિક ચેતના. અનેક સંત - શૂરાઓએ કચ્છની ધરતી પર તપશ્ચર્યા કરીને આધ્યાત્મ ઊંચાઈ મેળવી છે. ધીણોધર તપોભૂમિ તરીકે પ્રખ્યાત છે. સૈકાઓ પહેલાં નાથયોગી ધોરમનાથજીએ ડુંગર પર ઉગ્ર તપ કર્યું હતું. અંજારમાં જેસલ - તોરલનાં બેસણાં છે. રણકાંધીએ ધ્રંગમાં મેકણદાદાએ રણમાં ભૂખ્યા - તરસ્યા ભટકતા માનવીઓને ખોરાક - પાણી પૂરું પાડવાની મહાન સેવાસાધના કરી હતી. નારાયણ સરોવરમાં આજે પણ મધુસૂદનલાલજી મહારાજ અને વાંઢાયમાં ગુરુ ઓધવરામ અને પૂ. વાલદાસજી મહારાજનું નામ શ્રદ્ધાભેર લેવાય છે. તપસ્વીઓ એવું કહે છે કે કચ્છની ધરતી ભલે ભૂસ્તરશાત્રની રીતે અશાંત કહેવાતી હોય, પણ અહીંના આધ્યાત્મિક તરંગો સશક્ત છે. બાડા સ્થિત વિપશ્યના ધ્યાન કેન્દ્ર વર્ષોથી દેશ - વિદેશના સાધકોને ખેંચી લાવે છે. સમર્પણ ધ્યાનના પ્રેરક યોગી શિવકૃપાનંદ સ્વામીએ એક કાર્યક્રમમાં કહ્યું હતું કે કચ્છનું સફેદ રણ ઊર્જાનું અને શાંતિનો જબરજસ્ત સ્રોત છે. પ્રખર રામાયણી મોરારિબાપુ સમયાંતરે જ્ઞાનયજ્ઞ માટે કચ્છ ઉપર પસંદગી ઉતારે છે. જૈન સાધુ - સંતોએ ઉગ્ર તપશ્ચર્યાનો ઈતિહાસ નોંધાવ્યો છે. એટલે જ, સદ્ગુરુ જગ્ગી વાસુદેવને કચ્છની ધરતી પર પોકાર કરે એમાં કોઇ આશ્ચર્ય નથી. ઔદ્યોગિક વિકાસ પછી કચ્છ ઘણું લાઈમલાઇટમાં આવ્યું છે. મોટાં કોર્પોરેટ ગૃહોના સિનિયર અધિકારીઓ, માલિકોની આવ - જા વધી છે. ઈશા ફાઉન્ડેશનનાં કચ્છમાં આગમન માટે ઘણાં કારણો છે. જાણવા મળ્યા મુજબ આશ્રમ માટે માંડવીના સમુદ્રકાંઠે વિજય વિલાસ પેલેસ સદ્ગુરુની નજરમાં વસી ગયો છે. એ જગ્યા તેમને મળશે કે બીજે ક્યાંક સમુદ્રકાંઠે ઈશા ફાઉન્ડેશન સંકુલ આપશે એ હાલઘડીએ નક્કી નથી. યોગાનુયોગ એંસીના દાયકામાં વિજય વિલાસના સ્થળે રજનીશ આશ્રમ સ્થાપવાની સઘન હિલચાલ થઇ હતી. એ સમયે ભગવાન રજનીશના નજીક એવા અભિનેતા વિનોદ ખન્નાએ કચ્છ આવીને આશ્રમ માટે જગ્યા મેળવવા મહેનત કરી હતી. રજનીશજી પોતાના મુક્ત વિચારોને લઇને વિવાદમાં રહ્યા છે. માંડવીમાં એ સમયે વિરોધનો વંટોળ ઊઠયો હતો... ચિંતા એ હતી કે મુક્ત જાતીય સંબંધોના હિમાયતી રજનીશનો આશ્રમ વિજય વિલાસ પેલેસ પરિસરમાં સ્થપાશે અને હજારો વિદેશી ઊમટી પડશે તો ભારતીય સંસ્કૃતિનું ધનોતપનોત નીકળી જશે, સંસ્કારનું ધોવાણ થશે. રજનીશ આશ્રમની તરફેણ કરનારાની દલીલ એવી હતી કે તેઓ માંડવી આવશે તો કમસે કમ દસેક હજાર દેશી - વિદેશી સાધકો સ્થાનિકે જ રહેશે, તેથી અર્થતંત્ર ધબકતું થશે. ટૂરિઝમનો વિકાસ થશે. આશ્રમ તરફથી એવીએ ખાતરી આપવામાં આવી હતી કે સમય જતાં માંડવી આસપાસ મેડિકલ કોલેજ, આધુનિક હોસ્પિટલનુંય નિર્માણ કરાશે. આ પ્રચાર ઝુંબેશમાં વિનોદ ખન્ના મુખ્ય હતા. સદ્ગુરુની સંસ્થાનું એક મથક કચ્છ ભૂમિ પર સ્થપાય તો તેનો ફાયદો થવાનો જ. જગ્ગી વાસુદેવ દિગ્ગજ આધ્યાત્મિક ગુરુ છે. ભારતીય યોગી, લેખક, વક્તા તરીકે દેશ-વિદેશમાં ભારે નામના. ઈશા ફાઉન્ડેશનના સ્થાપક છે. ત્રીજી સપ્ટેમ્બર-૧૯૫૭ના મૈસૂર ખાતે જન્મ. તેમનું જીવન યોગ માટે સમર્પિત. ઈશા ફાઉન્ડેશનના નેજા હેઠળ શિક્ષણ, પર્યાવરણ અભિયાન, સામાજિક વિકાસનાં કાર્યો મોટાપાયે કરવામાં આવી રહ્યાં છે. તેમને પદ્મવિભૂષણ સન્માન મળ્યું છે. જગ્ગી વાસુદેવ નાનપણથી સાહસિક. ખાવા-પીવાનું લઇને નિર્જન જંગલોમાં ઊતરી પડે... દિવસો સુધી... આસપાસ ઝેરીલા સાપ હોય, જંગલી પ્રાણીઓ હોય... જગ્ગી બેફિકર. મૈસૂરના ચામુંડા પહાડના રસ્તા છોડીને એ ઊબડખાબડ ટેકરીઓથી મોટરસાઇકલ પૂરપાટ ઉતારે. મૈસૂર વિશ્વવિદ્યાલયમાં અંગ્રેજી ભાષા સાથે સ્નાતક થયા પછી જગ્ગીએ પોલ્ટ્રી ફાર્મનો વ્યવસાય શરૂ કર્યો, સાથે ઇંટના ભઠ્ઠા અને પાર્ટનરશિપમાં ઠેકેદારી પણ ચાલતી. કારોબાર ખૂબ સારો ચાલતો હતો... ને જીવનમાં પરિવર્તન આવ્યું. એ આધ્યાત્મિક અનુભવે બધું બદલી નાખ્યું. મૈસૂરના ચામુંડા પર્વત પર બેઠા હતા ને ધીરે-ધીરે ધ્યાન લાગી ગયું. એવો અહેસાસ થયો કે પોતે પ્રકૃતિમાં લીન થઇ ગયા છે. આંખ ખૂલી તો ખ્યાલ આવ્યો કે પૂરા ચાર કલાક વીતી ગયા. બીજીવાર એવી જ સમાધિ અવસ્થામાં લીન થયા ને બહાર આવ્યા ત્યારે ગળામાં પુષ્પમાળા. આસપાસ મોટી સંખ્યામાં લોકો બેઠા હતા. એ સમાધિ ૧૩ દિવસની હતી. સદ્ગુરુએ નક્કી કર્યું કે, આ અદ્ભુત અનુભવ દુનિયામાં વહેંચવો છે. ધંધો સમેટી લીધો ને ૧૯૮૩માં પહેલીવાર યોગના વર્ગ શરૂ કર્યા. તેમની લોકપ્રિયતા વધતી ગઇ. છેવટે ૧૯૯૪માં તામિલનાડુના કોઇમ્બતુરમાં વેલ્લિયાંગિરિ પહાડો વચ્ચે જમીન ખરીદીને ઈશા યોગ કેન્દ્રની સ્થાપના કરી. ફાઉન્ડેશન ગ્રામીણ ભારતમાં શિક્ષણનું સ્તર સુધારવા ખૂબ સારું કામ કરી રહ્યું છે. નદી પુનર્જીવિત કરવી, વૃક્ષારોપણ, સજીવ ખેતી જેવાં કામો થકી દેશ-વિદેશમાં ખ્યાતિ મેળવી. આજે અનેક દેશમાં ઈશા ફાઉન્ડેશનની હાજરી છે. આવી હસ્તી અને તેમના નેજા હેઠળની પ્રવૃત્તિનું કચ્છ સાથે જોડાણ થશે, તો એ આ ભૂમિ માટે સારું પુરવાર થશે.



# મનોરંજનનું મેઘધનુષ: શર્વરી વાઘ

'પ્યાર કા પંચનામા' 'સોનુ કે ટુટુ કી સ્વીટી' જેવી અલગ જ પ્રકારની પણ સફળ ફિલ્મ બનાવનારા દિગ્દર્શક લવ રંજન અને બોલિવૂડના ખૂબ જ લોકપ્રિય દિગ્દર્શક સંજય લીલા ભણશાલીની સહાયક તરીકે પોતાની કારકિર્દી શરૂ કરવા શર્વરી વાઘે ૨૦૧૫ થી ૨૦૧૮ સુધી ફિલ્મ ઉદ્યોગ વિશેની માહિતી મેળવી લીધા પછી લગભગ વર્ષ ૨૦૨૧માં તેની પહેલી ફિલ્મ રિલીઝ થઈ અને એ પણ મુખ્ય અભિનેત્રી તરીકે અને શર્વરી શરૂઆતથી જ નસીબદાર રહી છે.

તેને પહેલી જ ફિલ્મ યશરાજ બેનરની મળી અને ફિલ્મનાં સહકલાકાર તરીકે રાણી મુખર્જી, સૈફ અલી ખાન અને સિદ્ધાંત ચતુર્વેદી જેવાં કલાકારો મળ્યા. 'બંટી ઔર બબલી-ટુ' એ શર્વરીની પહેલી ફિલ્મ હતી. જોકે આ ફિલ્મ 'બોક્સ ઓફિસ' પર ખાસ ચાલી નહોતી.

આ ફિલ્મથી શર્વરીને બોલિવૂડમાં ધમાકેદાર એન્ટ્રી જરૂર મળી ગઈ, અને ૨૦૨૧ના એવોર્ડસ સમારોહમાં પ્ણ તે છવાઈ ગઈ. આ ફિલ્મ માટે તેને 'ફિલ્મફેર'નો 'બેસ્ટ ફીમેલ ડેબ્યુ' અને પછી 'આઈફા'નો 'સ્ટાર ડેબ્યુ ઓફ ધ યર' એવોર્ડ મળ્યો. ફિલ્મમાં તેનું કામ વખણાયું અને તેને એવોર્ડસ પણ મળ્યા, પણ ફિલ્મો જોઈએ એવી ન મળી.

'બંટી ઔર બબલી-ટુ' પછી લગભગ ત્રણ વર્ષે એટલે કે ૨૦૨૪માં તેની હોરર કોમેડી ફિલ્મ 'મુંજયા' આવી. આ ફિલ્મને બોક્સ ઓફિસ પર સફળતા મળી. ૨૦૨૪નું વર્ષ શર્વરી માટે મહત્ત્વનું સાબતિ થયું. ૨૦૨૪માં તેની ત્રણ ફિલ્મ રજૂ થઈ. 'મુંજયા', 'મહારાજ' અને 'વેડા'. 'મહારાજ' ફિલ્મ સીધી જ ઓટીટી પર રિલીઝ થઈ. તેમાં આમિર ખાનનો પુત્ર જુનૈદ ખાન, જયદીપ અહલાવત જેવાં કલાકારો હતા. આ ફિલ્મ વિવાદમાં સપડાઈ, પણ ઓટીટી રિલીઝને કારણે તેનો ફાયદો કોઈને ન થયો.

૨૦૨૪માં જ તેની જહોન અબ્રાહમ સાથેની ફિલ્મ 'વેડા' કે 'વેદા' રજૂ થઈ. આ ફિલ્મને બોક્સ ઓફિસ પર સફળતા ન મળી એટલે શર્વરી વાઘની કારકિર્દીમાં ૨૦૨૪નું વર્ષ જોઈએ એવી સફળતવાળું ન રહ્યું.

આ ત્રણ ફિલ્મ પછી હવે શર્વરી વાઘ યશરાજ ફિલ્મ્સની 'સ્પાય યુનિવર્સ' હેઠળની ફિલ્મ 'આલ્ફા'માં દેખાશે. આ ફિલ્મની રિલીઝ હાલમાં પાછળ ઠેલવામાં આવી છે. આ ફિલ્મ હવે ૧૦ જુલાઈના રિલીઝ થવાની છે. યશરાજ ફિલ્મ્સની મહિલા જાસૂસ પર બનેલી આ પહેલી જ ફિલ્મ છે. તેમાં મુખ્ય ભૂમિકા આલિયા ભટ્ટ, શર્વરી વાઘ, અનિલ કપૂર અને બોબી દેઓલની છે.

બોબી દેઓલ આ ફિલ્મમાં ફરી એક વાર ખૂંખાર વિલન તરીકે દેખાશે. આ ફિલ્મનાં એકશન દશ્યોમાં વીએફએક્સનો ખૂબ જ ઉપયોગ થયો છે અને આલિયા ભટ્ટ અને શર્વરી વાઘે પહેલી જ વાર આટલાં બધા એકશન દશ્યો ભજવ્યા છે. તે જોતાં આ ફિલ્મ દર્શકો માટે એક અનોખો અનુભવ સાબિત થશે એમ કહી શકાય.

યશરાજ ફિલ્મ્સની 'એક થા ટાઈગર', 'ટાઈગર જિન્દા હૈ', 'ટાઈગર-થ્રી', 'વોર-ટુ' અને 'પઠાણ' જેવી સ્પાય યુનિવર્સ ફિલ્મોને બોક્સ ઓફિસ પર સફળતા મળી છે. એ જોતાં આ મહિલા જાસૂસની વાત કહેતી ફિલ્મને પણ બોકસ ઓફિસ પર સફળતા મળશે તો શર્વરી વાઘની કારકિર્દીને વેગ મળશે એમ કહી શકાય.

વિદેશની ફિલ્મોમાં હીરોઈનો એકશન દશ્યો કરે એ નવીનતા નથી રહી. દક્ષિણની ફિલ્મોમાં પણ ઘણી અભિનેત્રીઓએ દિલધડક એકશન દશ્યો ભજવ્યા છે. પ્રિયંકા ચોપરાની હાલમાં જ રિલીઝ થયેલી હોલીવૂડની ફિલ્મમાં ભરપૂર એકશન દશ્યો છે અને તે તેણે 'સુપેરે' પાર પાડયા છે. શાહરુખ ખાનની 'પઠાણ' ફિલ્મમાં દિપીકા પદુકોણે પણ એકશન દશ્યો ભજવ્યા હતા. તે જોતાં 'આલ્ફા'ની આ બે અભિનેત્રી આલિયા અને શર્વરી વીએફએક્સ આધારિત એકશન દશ્યોમાં છવાઈ જશે એમાં કોઈ શંકા જ નથી.

આલિયા ભટ્ટ જેવી ઉત્કૃષ્ટ અભિનેત્રીની સાથે 'આલ્ફા'માં શર્વરીને કેટલું મહત્ત્વ આપવામાં આવ્યું છે, તેના પર આ ઉત્કૃષ્ટ અને યુવા અભિનેત્રીની કારકિર્દી નિર્ભર છે એમ કહી શકાય.

શર્વરી જોકે, તેની અભિનય કારકિર્દીમાં ખૂબ જ સમજી વિચારીને પગલાં ભરે છે. 'આલ્ફા' પછી તે બોલિવૂડના ખૂબ જ પ્રતિષ્ઠિત બેનર રાજશ્રીની ફિલ્મ 'યહ પ્રેમ મોલ લિયા'માં મુખ્ય અભિનેત્રી તરીકે દેખાશે. રાજશ્રી બેનરની ફિલ્મમાં પ્રેમની ભૂમિકા સલમાન ખાન જ ભજવતો હોય છે, પણ પહેલી જ વાર આ વખતે 'પ્રેમ'ની ભૂમિકા આયુષ્યમાન ખુરાના ભજવશે. આ ફિલ્મમાં આયુષ્યમાન અને શર્વરીની સાથે અનુપમ ખેર, સૌમ્યા ટંડન, સીમા પાહવા, સુપ્રિયા પાઠક જેવા કલાકાર છે. ફિલ્મનું દિગ્દર્શન સૂરજ બડજાત્યાનું છે, તે જોતાં શર્વરી માટે આ બંને ફિલ્મ અત્યારે ખૂબ મહત્ત્વની સાબિત થશે.

નું હોટસ્પોટ: ૧૪ માર્ચથી ૨૦ માર્ચ અનેક નવી સિરીઝ-ફિલ્મનું આગમન

આપણું અઠવાડિયું શનિવારથી શરૂ થાય છે અને આગામી શુક્રવાર સુધીનું હોય છે. પણ ફિલ્મ ઉદ્યોગ અને ઓટીટી માટે સૌથી મહત્ત્વનો દિવસ શુક્રવાર જ હોય છે. અનેક ઓટીટી ચેનલ પર શુક્રવારે નવી સિરીઝનું પ્રસારણ શરૂ કરવામાં આવે છે અને ઘણી વાર તો ફિલ્મોનું પહેલું પ્રસારણ પણ શુક્રવારે જ કરવામાં આવે છે. તો ચાલો, આગામી અઠવાડિયે આપણને નવું શું જોવા મળશે તેના પર એક નજર નાખીએ...

શેમારુ મી.:

ગુજરાતી ફિલ્મો માટેની આ ચેનલ પર ૧૨ માર્ચે પહેલી વાર ગુજરાતી ફિલ્મ 'નાનખટાઈ'નું પ્રસારણ શરૂ થયું છે. તેમાં મુખ્ય ભૂમિકા મિત્ર ગઢવી, દીક્ષા જોશી, મયૂર ચૌહાણ અને હિતેનકુમારની છે.

જિયો હોટસ્ટાર:

આ ઓટીટી ચેનલ પર ૧૫ માર્ચે મેડ ફોર ઈચ અધર, ધ મેડીસન, ધ ફેમિલી મેકવુલન જેવી સિરીઝ શરૂ થઈ રહી છે. અહીં ૨૦ માર્ચે 'પીકી બ્લાઈન્ડર્સ- ધ ઈમમોરલ મેન' નામની ક્રાઈમ- ડ્રામા અને થ્રીલર સિરીઝ શરૂ થઈ રહી છે. તો ૧૩ માર્ચે એટલે કે શુક્રવારે કોમેડી ડ્રામા- રિસોર્ટ, એનિમેશન ફિલ્મ 'ઝુટોપિયા-ટુ', તેલુગુ કોમેડી ડ્રામા 'ફંકી' અને અંગ્રેજી સિરીઝ 'ધેટ નાઈટ' રજૂ થશે.


એમેઝોન પ્રાઈમ:

અહીં ૨૦ માર્ચે 'ડેડ લોચ' નામની ક્રાઈમ આધારિત બ્લેક કોમેડી ફિલ્મ જોવા મળશે. તો આ શુક્રવાર ૧૩ માર્ચે લોકલ ટાઈમ્સ અને એસ્પીરેન્ટ્સની ત્રીજી સિઝનની શરૂઆત થશે.

ઝી ફાઈવ:

અહીં ૧૪ માર્ચથી 'અંધા પ્યાર' નામની ફિલ્મ રજૂ થશે. જ્યારે આજે ૧૩ માર્ચે તમિળ રોમાન્ટિક ડ્રામા- પૂકી, એકશન ફિલ્મ- લેન્ડલોર્ડ અને કોમેડી ડ્રામા 'ભારત મહાસયાલાકુ વિગ્નયાપ્તિ' જોઈ શકાશે.

**બોબી દેઓલ આ ફિલ્મમાં ફરી એક વાર ખૂંખાર વિલન તરીકે દેખાશે. આ ફિલ્મનાં એકશન દશ્યોમાં વીએફએક્સનો ખૂબ જ ઉપયોગ થયો છે અને આલિયા ભટ્ટ અને શર્વરી વાઘે પહેલી જ વાર આટલાં બધા એકશન દશ્યો ભજવ્યા છે. તે જોતાં આ ફિલ્મ દર્શકો માટે એક અનોખો અનુભવ સાબિત થશે એમ કહી શકાય. યશરાજ ફિલ્મ્સની હ્લએક થા ટાઈગર', હ્લટાઈગર જિન્દા હૈ', હ્લટાઈગર-થ્રી', હ્લવોર-ટુ' અને હ્લપઠાણ' જેવી સ્પાય યુનિવર્સ ફિલ્મોને બોક્સ ઓફિસ પર સફળતા મળી છે. એ જોતાં આ મહિલા જાસૂસની વાત કહેતી ફિલ્મને પણ બોકસ ઓફિસ પર સફળતા મળશે તો શર્વરી વાઘની કારકિર્દીને વેગ મળશે એમ કહી શકાય.**



# હેરી પોટર સ્ટાર ડેનિયલ રેડક્લિફ કહે છે, બાળ કલાકારો માટે થેરાપી 'ફરજિયાત' હોવી જોઈએ

## ડેનિયલ કહે છે, કેટલાંક બાળ કલાકારો અંગેના ઘણા દુ:ખદ કિસ્સા સામે આવે છે

હેરી પોટરની ફિલ્મોથી ઘર-ઘરમાં જાણીતા બની ગયેલા હોલિવૂડ એક્ટર ડેનિયલ રેડક્લિફે બાળ કલાકારો પર પડતા દબાણ અને માનસિક સ્વાસ્થ્ય અંગે ઘણી મહત્વની વાત કરી છે. તેનું માનવું છે કે બાળ કલાકારો માટે થેરાપી ફરજિયાત બનાવવી જોઈએ, કારણ કે ખૂબ નાની ઉંમરે મળતી પ્રસિદ્ધિ અને દબાણ તેમના માનસિક સ્વાસ્થ્ય પર અસર કરી શકે છે.

એક પોડકાસ્ટમાં વાત કરતા ડેનિયલ રેડક્લિફે જણાવ્યું કે ઘણા લોકો માને છે કે બાળ કલાકારોનું જીવન સ્વપ્ન જેવું હોય છે, પરંતુ હકીકતમાં પરિસ્થિતિ ઘણીવાર ખૂબ અલગ હોય છે. તેણે બાળ કલાકારોને મળતા માનસિક દબાણ વિશે ખુલીને વાત કરી હતી. તેણે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં કેટલીક દુખદ ઘટનાઓ સામે આવી છે, જેના કારણે આ મુદ્દા પર ગંભીરતાથી વિચારવાની જરૂર છે.ડેનિયલે કહ્યું, “છેલ્લા કેટલાક વર્ષોમાં ખરેખર કેટલીક દુ:ખદ ઘટનાઓ સામે આવી છે. થેરાપીને સામાન્ય ગણો અને જરૂર પડે તે પહેલાં જ થેરાપી શરૂ કરો.” ડેનિયલના મતે ફિલ્મ અને મનોરંજન ઉદ્યોગની વ્યવસ્થામાં થેરાપીને બાળ કલાકારો માટે ફરજિયાત ભાગ તરીકે સામેલ કરવી જોઈએ.તેણે કહ્યું, “લોકો માને છે કે ચાઈલ્ડ સ્ટાર્સનું જીવન એક પરફેક્ટ સ્વપ્ન છે, પરંતુ પડદા પાછળ તે ઘણી વખત ભારે દબાણભર્યું હોઈ શકે છે. એ કારણે જ થેરાપીને સિસ્ટમનો એક ભાગ બનાવવો જોઈએ.” ડેનિયલ રેડક્લિફે હેરી પોટર એન્ડ ધ સોર્સરર્સ સ્ટોનથી શરૂ થયેલી હેરી પોટર ફિલ્મ સિરીઝ દરમિયાનનાં પોતાનાં અનુભવ વિશે પણ વાત કરી. તેણે જણાવ્યું કે જ્યારે ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં પ્રથમ ફિલ્મોનું શૂટિંગ થઈ રહ્યું હતું ત્યારે માનસિક સ્વાસ્થ્ય વિશે ખાસ ચર્ચા થતી નહોતી. તેમ છતાં તે પોતાને ભાગ્યશાળી માને છે કે તેની આસપાસ સહાયક અને સમજદાર લોકો હતાં, જેનાં કારણે તેનો અનુભવ સકારાત્મક રહ્યો.જે.કે. રોલિંગની બૂક સિરીઝ પરથી આધારીત આ ફિલ્મમાં ડેનિયલે ૧૨ વર્ષની ઉંમરથી કામ શરૂ કર્યું હતું, જેમાં હેરી પોટર અને તેના મિત્રો હર્માયની ગ્રેન્જર અને રોન વીઝલીની સ્ટોરી દર્શાવવામાં આવી હતી, જેમાં તેઓ હોગવર્ટ્સ સ્કૂલ ઓફ વિચક્રાફ્ટ એન્ડ વિઝાર્ડરીમાં ભણતાં હતાં અને રાક્ષસી જાદુગર લોર્ડ વોલ્ડમોર્ટ સામે લડતા દેખાય છે. 'હેરી પોટર' સિરીઝની ફિલ્મો પૂર્ણ થયા પછી ડેનિયલ રેડક્લિફે ફિલ્મો અને રંગમંચ બંનેમાં વિવિધ પ્રકારની ભૂમિકાઓ અજમાવી છે.

# આ અઠવાડિયે OTT પર ડ્રામા, કોમેડી અને પ્રેરણાદાયી કહાનીઓનું રસપ્રદ મિશ્રણ

આ અઠવાડિયે 'ધ તાજ સ્ટોરી'થી લઈને 'એસ્પિરિયન્સ' અને ઝૂટોપિયા સહિતની ફિલ્મ અને સિરીઝ આવશેઆ અઠવાડિયે પ્રાઈમ વિડિયો, જિયો હોટસ્ટાર અને લાયન્સગેટ પ્લે પર એસ્પિરન્ટ્સ સીઝન ૩, ધ તાજ સ્ટોરી અને ધ મેડિસન જેવાં નવાં ટાઈટલ્સ રિલીઝ થવા જઈ રહ્યાં છે, જે દર્શકોને વિકએન્ડ દરમિયાન વિવિધ પ્રકારનું કન્ટેન્ટ જોવાની તક આપશે.આ તમિલ ફિલ્મ એક રૂમ સર્વિસ બોયની કહાની પર આધારિત છે, જે ૧૨મા ધોરણમાં નિષ્ફળ ગયો છે પરંતુ જીવનમાં કંઈક મોટું કરવાની ઈચ્છા રાખે છે. એક ભવ્ય બીચસાઈડ રિસોર્ટમાં કામ કરતી વખતે તે ધીમે ધીમે પોતાના આત્મવિશ્વાસ અને હિંમતના બળે રસોડાની કડક હાયરાર્કીને પડકારવાનું શરૂ કરે છે.

નવી સિઝનમાં અભિલાષની કહાની આગળ વધે છે. એએલસી સંદીપ ઓહલાન દ્વારા લગાવવામાં આવેલા આરોપો બાદ તેની વિરુદ્ધ તપાસ શરૂ થાય છે, જેના કારણે તેની કારકિર્દી અને દીપા, ગુરી, ધૈર્ય, એસકે અને સંદીપ સાથેના વ્યક્તિગત સંબંધો જોખમમાં મુકાઈ જાય છે. બીજી તરફ, યુવાન અભિલાષ આઈઆરએસ પરીક્ષા પાસ કર્યા પછી એક છેલ્લા પ્રયાસ તરીકે આઈએએસ પરીક્ષા આપવાનો નિર્ણય કરે છે અને મુખર્જી નગરમાં નવા મિત્રો અને સ્પર્ધકો સાથે તૈયારી શરૂ કરે છે. ફેમિલી મેકમુલેન - જિયો હોટસ્ટાર

આ ફિલ્મ ધ બ્રધર્સ મેકમુલેનની ઘટનાથી લગભગ ત્રણ દાયકાઓ પછીની કહાની રજૂ કરે છે. હવે પચાસની આસપાસ પહોંચેલો બેરી મેકમુલેન પોતાના વીસેક વર્ષના બાળકો સાથે જટિલ રોમેન્ટિક સંબંધોની વચ્ચે જીવન સંભાળવાનો પ્રયત્ન કરે છે. બીજી તરફ તેનો ભાઈ પેટ્રિક અને વિધવા ભાભી મોલી પણ પોતાના જીવનમાં અચાનક ઊભા થયેલા પડકારોનો સામનો કરે છે.


આ ફિલ્મ એક એવા માણસની કહાની રજૂ કરે છે, જે તાજ મહેલના નિર્માણ સાથે જોડાયેલા મુદ્દા પર કાનૂની લડત શરૂ કરે છે. આ કથામાં ઈતિહાસ, ચર્ચા અને કોર્ટરૂમ ડ્રામાનું રસપ્રદ મિશ્રણ જોવા મળશે.

અભિનિત આ સિરીઝમાં ધનાઢ્ય ક્લાઈબર્ન પરિવારની કહાની દર્શાવવામાં આવી છે. ન્યૂ યોર્ક સિટીના જીવનમાંથી દૂર જઈ તેઓ મોન્ટાનાના મેડિસન રિવર વેલીમાં રહેવા જાય છે. એક દુ:ખદ ઘટના પછી પરિવારને પોતાના દુ:ખ સાથે જીવવાનું શીખવું પડે છે અને અમેરિકાના કઠિન પશ્ચિમ વિસ્તારમાં નવી શરૂઆત કરવાની કોશિશ કરવી પડે છે.












# “હવે પુરુષોએ મહિલાઓ વિશે કોઈ નિવેદન કરતાં પહેલાં અનેક વખત વિચારવું પડે છે” : ફરહાન અખ્તર

એક્ટર પ્રોડ્યુસર અને ગાયક ફરહાન અખ્તર વર્ષોથી મહિલાઓની સુરક્ષા મુદ્દે ખુલ્લેઆમ અવાજ ઉઠાવતો રહ્યો છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે ભારતમાં મહિલાઓની સુરક્ષા, સામાજિક પરિવર્તન અને સેલિબ્રિટીઝની જવાબદારી વિશે વિગતવાર વાત કરી હતી.મહિલાઓ માટે સુરક્ષા વ્યવસ્થાઓ પુરતી છે કે નહી તે અંગે ફરહાન અખ્તરે કહ્યું કે આ મુદ્દે હજુ ઘણું કરવાનું બાકી છે, “તે ક્યારેય પુરતું નથી! મહિલાઓની સુરક્ષા જાળવવા માટે હંમેશા વધુ પગલાં લેવાની જરૂર હોય છે. દરરોજ ગુનાખોરીનો દર વધતો જાય છે. હું મહિલાઓને અસર કરતા મુદ્દાઓ પર રડવા કરતાં તેના ઉકેલો શોધવા પર ધ્યાન આપવાનું પસંદ કરું છું.”

મહિલાઓની સુરક્ષા મુદ્દે આવી રહેલા પરિવર્તનો વિશે તેણે કહ્યું કે “આપણે આગળ વધી રહ્યા છીએ. કદાચ આ નાનાં પગલાં છે. લિંગ આધારીત ગુનાઓની સમસ્યા વધી રહી છે અને આપણે તેની સામે લડવામાં દબાણનો સામનો કરી રહ્યા છીએ. પરંતુ આ મુદ્દાઓ અંગે સમાજમાં જાગૃતિ વધી રહી છે. વધુ ને વધુ મહિલાઓ હવે પોતાના અનુભવો અને આઘાત વિશે ખુલ્લેઆમ બોલી રહી છે.”પહેલાં મહિલાઓ આવા મુદ્દાઓ પર શા માટે મૌન રહેતી હતી તે અંગે ફરહાન કહે છે, “લાંબા સમય સુધી મહિલાઓ સામે થતા ગંભીર ગુનાઓ બહાર આવતા નહોતા કારણ કે મહિલાઓને પોતાનો અવાજ ઉઠાવવા પૂરતું સશક્તિકરણ નહોતું. પરંતુ હવે આવી ઘટનાઓને દબાવી દેવાની પ્રવૃત્તિ ઘટી રહી છે અને મારા મતે આ ખૂબ સકારાત્મક પરિવર્તન છે. સદભાગ્યે હવે આપણે એવી સ્થિતિએ પહોંચી ગયા છીએ કે પુરુષોને મહિલાઓ વિશે કોઈ નિવેદન આપતાં પહેલાં અનેક વખત વિચારવું પડે છે.”સેલિબ્રિટીઝને આ મુદ્દે વધુ જવાબદાર બનવાની જરૂર તે સમજાવતા ફરહાને કહ્યું, “હવે તે દિવસો ગયા જ્યારે સેલિબ્રિટીઝ બેફામ અને બેદરકારીપૂર્વક નિવેદનો આપતા હતા. હવે જાહેર જીવનમાં રહેલા પુરુષો માટે મહિલાઓ વિશે બોલતી વખતે સંયમ, જવાબદારી અને ગૌરવ જાળવવું જરૂરી બની ગયું છે.

# અક્ષય કુમાર અને વિદ્યા બાલનની આગામી ફિલ્મમાં ગણેશ આચાર્યનું ખાસ હોલી સૉંગ

ભૂલ ભુલૈયાથી હોરર કોમેડી જોનરની શરૂઆત કરનાર જોડી અક્ષય કુમાર અને અનીસ બાઝમી ફરી એક વખત સાથે આવી રહી છે. તેમજ 'થેંક યુ' અને 'ભૂલ ભુલૈયા' પછી વિદ્યા અને અક્ષય પણ પહેલી વખત સાથે આવી રહ્યાં છે. તેમની આ ફિલ્મ માટે ડાન્સ માસ્ટર ગણેશ આચાર્ય એક ખાસ હોલી સૉંગ કરી રહ્યા છે.

આ અંગેને અહેવાલો મુજબ અનીસ બાઝમીની આ ફિલ્મ માટે અક્ષય અને વિદ્યા માર્ચ મહિનાના અંતમાં કામ શરૂ કરશે. આ એક ધમાકેદાર બોલિવૂડ મસાલા ટાઈપનું એક ખાસ હોલી સૉંગ હશે. જેમાં રંગો અને સંખ્યાબંધ ડાન્સર્સ પણ જોવા મળશે. આ ગીત માટે લગભગ ૩૦૦થી ૪૦૦ ડાન્સર્સને પણ જોડવામાં આવ્યાં છે. એક ગલીમાં અક્ષય અને વિદ્યા આ ઉજવણીની શરૂઆત કરશે. આ ગીત માટે એક મહોલ્લા જેવો સેટ પણ બનાવવામાં આવ્યો છે, જેમાં ઘણી બાલ્કલની અને અગાશીઓ હશે, જ્યાંથી રંગોની છોળો ઉડશે. આ ઉજવણી માટે ગણેશે ખાસ હૂક સ્ટેપ પણ આપ્યા છે.

વિદ્યા અને અક્ષય તેમજ અક્ષય અને અનીસ બાઝમીની આ પહેલાંની ફિલ્મો પણ સફળ રહી છે, તેથી તેમની આ ફિલ્મ પણ કોમેડીના ડોઝથી ભરપુર હશે એવી અપેક્ષા છે, જેમાં અક્ષયનું શાર્પ કોમિક ટાઈમિંગ અને વિદ્યાની મજાકીયા શૈલી કામ કરી જશે. આ એક બાઝમી સ્ટાઈલની સિચ્યુએશનલ કોમેડી ફિલ્મ હશે.

૨૦૨૪ના એક ઈંટરવ્યુમાં અનીસ બાઝમીએ વિદ્યા બાલન સાથે ફરી કામ કરવા અંગે કહ્યું હતું કે, “મને હંમેશા લાગ્યું છે કે, કોઈ મંજુલિકા કરી શકે, તો એ માત્ર વિદ્યા જ છે. વિદ્યાને પણ આ સ્ટોરી પહેલી વારમાં પોતાની લાગી ગઈ હતી અને દર્શકોએ તેને પ્રેમ પણ ખુબ આપ્યો હતો. મેં જેટલી પણ વાર્તાઓ સાંભળી હતી, તેમાંથી મને આ એક જ ફિલ્મ ગમી હતી. પહેલા દસ મિનિટમાં જ મેં એના પરથી ફિલ્મ બનાવવાનું નક્કિ કરી લીધું હતું.”



# નવયુગ કોમર્સ કોલેજનો ભવ્ય વિજય સાથે VNSGU ની ઇન્ટર કોલેજ એ-ઝોન ફાઇનલમાં પ્રવેશ



નવયુગ કોમર્સ કોલેજ અને એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ વચ્ચે રમાયેલી ક્રિકેટ મેચમાં નવયુગ કોમર્સ કોલેજે ઉત્તમ પ્રદર્શન કરી ૧૩૩ રનથી ભવ્ય વિજય મેળવ્યો. એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ મેદાન પર યોજાયેલી, આ મેચમાં ટોસ જીતી એમ.ટી.બી. આર્ટ્સ કોલેજે પહેલા ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો. નવયુગ કોમર્સ કોલેજે પ્રથમ બેટિંગ કરતા ૩૭.૪ ઓવરમાં ૨૦૮ રન બનાવ્યા. ટીમ તરફથી જિલ પટેલે ૪૪ રન, જેનિશ પટેલે ૩૮ રન મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. ૨૦૮ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી એમ.ટી.બી. આર્ટ્સ કોલેજની ટીમ નવયુગ કોમર્સ કોલેજના બોલરો સામે ટકી શકી નહીં અને માત્ર ૭૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. તેમા બોલરોએ નિલ પટેલે ૫ વિકેટ અને કિર્તન વાઘેલાએ ૩ વિકેટ લઇ નવયુગ કોમર્સ કોલેજે ૧૩૩ રનથી જીત અપાવી. નવયુગ કોમર્સ કોલેજના ખેલાડીઓએ બેટિંગ અને બોલિંગ બંને વિભાગમાં ઉત્તમ રમત બતાવી ટીમને યાદગાર વિજય અપાવ્યો. જેમા કેપ્ટન ભાર્ગવ પટેલ નેજા હેઠળ ખુબજ સારુ પ્રદર્શન રહ્યું. તેથી આ ખેલાડીઓને કોલેજના આચાર્યશ્રી. ડો.વિનોદભાઇ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના પ્રા.સી. કે. અસારિયા, પ્રા. ડો.બ્રિજેશભાઇ એસ. પટેલ, પ્રા. ડો.કૃણાલ ખેંગાર તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.

# પ્રથમ ટી-૨૦ : સાઉથ આફ્રિકાનો ન્યૂઝીલેન્ડ સામે સાત વિકેટે વિજય

## ન્યૂઝીલેન્ડ ૯૧/૧૦ (૧૪.૩ ઓવર), સાઉથ આફ્રિકા ૯૩/૩ (૧૬.૪ ઓવર)



ટી-૨૦ વર્લ્ડ કપ પૂર્ણ થયા બાદ સાઉથ આફ્રિકાની ટીમ ન્યૂઝીલેન્ડના પ્રવાસે પહોંચી છે. પાંચ મેચની સિરીઝ પૈકીની પ્રથમ મેચમાં સાઉથ આફ્રિકાએ એકતરફી મુકાબલો જીતી લીધો હતો. ન્યૂઝીલેન્ડની ટીમ પ્રથમ બેટિંગ કરતાં ૧૪.૩ ઓવરમાં ૯૧ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી જેના જવાબમાં સાઉથ આફ્રિકાએ ૧૬.૪ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી લક્ષ્યાંક મેળવી લીધો હતો. આ સાથે આફ્રિકાએ ટી-૨૦ વર્લ્ડ કપની સેમિફાઇનલમાં ન્યૂઝીલેન્ડ સામે મળેલી હારનો બદલો પણ લીધો હતો.

ન્યૂઝીલેન્ડના કેપ્ટન મિશેલ સેન્ટનરે ટોસ જીતી પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, તેનો નિર્ણય અયોગ્ય હોય તેમ કિવી ટીમ ૧૪.૩ ઓવરમાં ફક્ત ૯૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ તરફથી જેમ્સ નીશમે સૌથી વધુ ૨૬ રન બનાવ્યા. અન્ય કોઈ ખેલાડી ૨૦ રનથી વધુ રન બનાવી શક્યો નહી. દક્ષિણ આફ્રિકા તરફથી ન્કોબાની મોકોએનાએ ૩.૩ ઓવરમાં ૨૬ રન આપી ૩ વિકેટ ઝડપી હતી. તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મેળવ્યો. ગેરાલ્ડ કોટ્ઝી, ઓટનિલ બાર્ટમેન અને કેપ્ટન કેશવ મહારાજે બે-બે વિકેટ લીધી.૯૨ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી સાઉથ આફ્રિકાની ટીમે આ લક્ષ્ય માત્ર ૧૬.૪ ઓવરમાં હાંસલ કરી લીધું. દક્ષિણ આફ્રિકા તરફથી ઓપનર કોનોર એસ્ટરહુઇઝેને સૌથી વધુ ૪૫ રન બનાવી અણનમ રહ્યો હતો. ડાયેન ફોરેસ્ટર પણ ૧૬ રને અણનમ રહ્યો હતો. ન્યૂઝીલેન્ડ તરફથી કાયલ જેમીસન, ઝાચેરી ફોલ્કેસ અને મિશેલ સેન્ટનરે એક-એક વિકેટ લીધી. શ્રેણીની બીજી મેચ ૧૭ માર્ચે રમાશે.

# રોજર બિન્ની, દ્રવિડ-મિતાલી રાજને લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ્સ એનાયત

## બીસીસીઆઈ નમન એવોર્ડ સેરેમનીમાં આ વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપ જીતનારી ભારતીય ટીમ સહિત ૫ ટીમો સન્માનિત કરાઈ




બીસીસીઆઈ દ્વારા આજે રવિવારે નવી દિલ્હી ખાતે નમન એવોર્ડ સેરેમની યોજાઈ હતી જેમાં ૧૯૮૩ વર્લ્ડકપ વિજેતા ટીમના સભ્ય રોજર બિન્ની, ૨૦૨૪ ટી-૨૦ વર્લ્ડકપ જીતાડનાર કોચ અને પૂર્વ કેપ્ટન રાહુલ દ્રવિડને કર્નલ સીકે નાયડુ લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાયા હતા. જયારે મહિલા ક્રિકેટની મહાન ખેલાડીઓ પૈકીની પૂર્વ ભારતીય ખેલાડી મિતાલી રાજને મહિલા રમતના વિકાસ અને વૈશ્વિક પ્રસિદ્ધિમાં તેમના અસાધારણ યોગદાન બદલ BCCI લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ ફોર વુમનથી સન્માનિત કરાઈ હતી.

આ ઉપરાંત ૨૦૨૪-૨૬ સુધીમાં ૫ ICC ટુર્નામેન્ટ જીતનાર ટીમોના ખેલાડીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફી જીતનાર મેન્સ ક્રિકેટ ટીમ, ૨૦૨૬માં મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ જીતનારી ટીમ, ૨૦૨૫માં વૃમન્સ વર્લ્ડ કપ જીતનારી મહિલા ટીમ, અંડર૧૯માં વર્લ્ડ કપ જીતનારી બોય્ઝ અં.૧૯ ટીમ અને ૨૦૨૫માં અંડર૧૯ વર્લ્ડ કપ જીતનારી ભારતીય ગર્લ્સ ટીમને સન્માનિત કરાઈ હતી. તેમજ આ સમારોહમાં ઘણા ઘરેલુ ક્રિકેટરોને પણ સન્માનિત કરાયા હતા.

## BCCI નમન એવોર્ડ્સ ૨૦૨૬ના વિજેતાઓનું લિસ્ટ

♦ ૨૦૨૪-૨૫ની શ્રેષ્ઠ મહિલા ક્રિકેટર (જુનિયર ડોમેસ્ટિક) - ઈરા જાધવ ♦ ૨૦૨૪-૨૫ની શ્રેષ્ઠ મહિલા ક્રિકેટર (સિનિયર ડોમેસ્ટિક) (સિનિયર મહિલા વન ડે) - શેફાલી વર્મા ♦ ૨૦૨૪-૨૫માં વિજય મર્ચન્ટ ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ લેનાર - એલીટ ગ્રુપ - યશવર્ધન સિંહ ચૌહાણ ♦ ૨૦૨૪-૨૫માં વિજય મર્ચન્ટ ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ લેનાર - પ્લેટ ગ્રુપ - કિશન સરકાર ♦ ૨૦૨૪-૨૫માં વિજય મર્ચન્ટ ટ્રોફીમાં સૌથી વધુ રન લેનાર - એલીટ ગ્રુપ - શાંતનુ સિંહ ♦ ૨૦૨૪-૨૫માં વિજય મર્ચન્ટ ટ્રોફીમાં સૌથી વધુ રન લેનાર - પ્લેટ ગ્રુપ : પ્રીતમ રાજ ♦ ૨૦૨૪-૨૫માં કૂચ બિહાર ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ લેનાર - એલીટ ગ્રુપ : હેમચુદેશન જે ♦ ૨૦૨૪-૨૫માં કૂચ બિહાર ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ લેનાર - પ્લેટ ગ્રુપ : અર્કજિત રોય ♦ ૨૦૨૪-૨૫માં કૂચ બિહાર ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનાર - એલીટ ગ્રુપ : નિત્ય જે પંડ્યા ♦ ૨૦૨૪-૨૫માં કૂચ બિહાર ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનાર - પ્લેટ ગ્રુપ : રાઘવન રામામૂર્તિ ♦ ૨૦૨૪-૨૫માં કર્નલ સી કે નાયડુ ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ લેનાર - એલીટ ગ્રુપ : વિકી ઓસ્ટવાલ ♦ ૨૦૨૪-૨૫માં કર્નલ સી કે નાયડુ ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ લેનાર - પ્લેટ ગ્રુપ : દીપજ્યોતિ સૈકિયા ♦ ૨૦૨૪-૨૫માં કર્નલ સી કે નાયડુ ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનાર - એલીટ ગ્રુપ : મેકનીલ એચએન ♦ ૨૦૨૪-૨૫માં કર્નલ સી કે નાયડુ ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનાર - પ્લેટ ગ્રુપ : આર જશવંત શ્રીરામ ♦ ૨૦૨૪-૨૫માં રણજી ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ લેનાર - એલીટ ગ્રુપ : હર્ષ દુબે ♦ ૨૦૨૪-૨૫માં રણજી ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ લેનાર - પ્લેટ ગ્રુપ : જે સુચિથ ♦ ૨૦૨૪-૨૫માં રણજી ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનાર - એલીટ ગ્રુપ : યશ રાઠોડ ♦ ૨૦૨૪-૨૫માં રણજી ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનાર - પ્લેટ ગ્રુપ : સ્નેહલ કૌથંકર ♦ ૨૦૨૪-૨૫માં લિમિટેડ-ઓવર સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ ઓલરાઉન્ડર: આયુષ મ્હાત્રે ♦ ૨૦૨૪-૨૫માં રણજી ટ્રોફીમાં શ્રેષ્ઠ ઓલરાઉન્ડર : હર્ષ દુબે ♦ ૨૦૨૪-૨૫ની BCCI ડોમેસ્ટિક ટુર્નામેન્ટમાં શ્રેષ્ઠ પ્રદર્શન : મુંબઈ ક્રિકેટ એસોસિએશન ♦ ૨૦૨૪-૨૫માં ડોમેસ્ટિક ક્રિકેટમાં શ્રેષ્ઠ અમ્પાયર : ઉલ્હાસ ગાંધી ♦ ૨૦૨૪-૨૫માં વન ડે ઈન્ટરનેશનલમાં સૌથી વધુ વિકેટ - મહિલા : દીપ્તિ શર્મા ♦ ૨૦૨૪-૨૫માં વન ડે ઈન્ટરનેશનલમાં સૌથી વધુ રન બનાવનાર - મહિલા : સ્મૃતિ મંધાના ♦ ૨૦૨૪-૨૫માં શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ -મહિલા : એન. શ્રી ચારણી ♦ ૨૦૨૪-૨૫માં શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય પદાર્પણ - પુરુષ : હર્ષિત રાણા ♦ ૨૦૨૪-૨૫માં શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર - મહિલા - સ્મૃતિ મંધાના ♦ ૨૦૨૪-૨૫માં શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર - પુરુષ - શુભમન ગિલ

# સફળતાનું કોઈ શોર્ટકટ કે સિક્રેટ નથી, દરેક સિદ્ધિ પાછળ આકરી મહેનત હોય છે : રોહિત શર્મા

ભારતીયના પૂર્વ કેપ્ટન રોહિત શર્માએ કહ્યું કે, સફળતાનો કોઈ શોર્ટકટ કે સિક્રેટ નથી હોતું અને દરેક સિદ્ધિ પાછળ આકરી મહેનત હોય છે. તેણે આશા વ્યક્ત કરી કે, ભારતીય પુરુષ અને મહિલા ટીમો દ્વારા જીતેલી આઈસીસી ટ્રોફી ભવિષ્યમાં ભવિષ્યની સફળતા માટેનો પ્રારંભ સાબિત થશે. રોહિતે કહ્યું કે, મેદાન પર રમાનાર ખેલાડીઓની સાથે સાથે પડદાની પાછળ કામ કરનારા સપોર્ટ સ્ટાફ અને અન્ય લોકોનું યોગદાન પણ મહત્વપૂર્ણ હોય છે.




રોહિતે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે સફળતા મેળવવી સરળ નથી હોતી અને તેના માટે ખેલાડીઓએ સતત મહેનત કરવી પડે છે. માત્ર મેદાન પર રમનારા ખેલાડી જ નહી પરંતુ ટીમ મેનેજમેન્ટ, કોચિંગ સ્ટાફ અને અન્ય સહયોગી પણ સફળતા માટે રાત-દિવસ મહેનત કરે છે. આથી ટીમની સિદ્ધિનો શ્રેય તમામ લોકોને મળવો જોઈએ.રોહિત શર્માએ ભારતીય ક્રિકેટ ટીમે તાજેતરમાં મેળવેલી સફળતાઓ પર ખુશી વ્યક્ કરતાં કહ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમં દેશોનો ઝંડો સતત ઊંચે લહેરાયો છે. તેણે કહ્યું કે, માત્ર પુરુષ ક્રિકેટ જ નહીં પરંતુ મહિલા ક્રિકેટે પણ સારો દેખાવ કર્યો છે અને વિશ્વલેવલે ભારતનું નામ રોશન કર્યું છે.ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૪માં રોહિતની કેપ્ટનશીપમાં ભારતે ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. જ્યારે ગત વર્ષે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી પણ પોતાના નામે કરી હતી. આ બંને જીત બાદ આ વર્ષે ભારતીય ટીમે ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. પુરુષ અંડર-૧૯ પણ અંડર-૧૯ વર્લ્ડ કપ જીત્યો હતો જ્યારે અંડર ૧૯ મહિલા ટીમ ૨૦૨૫માં ચેમ્પિયન બની હતી.

# કોઈ પણ ટીમ ICCથી મોટી નથી, જય શાહ, આઈસીસી ચેરમેન

## વર્લ્ડ કપ પહેલા બાંગ્લાદેશ-પાકિસ્તાન વિવાદ વિશે ખુલીને વાત કરી

T20 વર્લ્ડ કપ ૨૦૨૬ પૂર્ણ થયાને એક અઠવાડિયા જેટલો સમય થઈ ગયો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારતે ફાઇનલમાં ન્યુઝીલેન્ડને હરાવીને રેકોર્ડ ત્રીજું ટાઇટલ જીત્યું હતું. ભારત અને શ્રીલંકામાં વર્લ્ડ કપનું આયોજન ખૂબ જ સારી રીતે કરવામાં આવ્યું હતું. જોકે, વર્લ્ડ કપ પહેલાં, બાંગ્લાદેશ અને પાકિસ્તાન સાથે મહત્વપૂર્ણ વિવાદ થયો હતો, જેના કારણે ઘણો હોબાળો થયો હતો. જોકે, ICC ચેરમેન જય શાહે હવે સમગ્ર મામલે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.

જય શાહે કોઈ પણ ટીમનું નામ લીધા વિના એવોર્ડ સમારોહમાં કહ્યું કે, આ ICC વર્લ્ડ કપ ખૂબ જ મહત્વપૂર્ણ હતો કારણ કે આ પહેલાં, ચોક્કસ ટીમો રમશે કે નહી અને વર્લ્ડ કપ કેવી રીતે થશે તે અંગે ઘણી ચર્ચા થઈ હતી. ICC ચેરમેન તરીકે, હું કહીશ કે કોઈ પણ ટીમ ICCથી મોટી નથી, અને કોઈ એક ટીમ સંગઠનને બનાવે છે. સંગઠન બધી ટીમોનું મિશ્રણ છે.

તેમણે વધુમાં કહ્યું, આ વર્લ્ડ કપે ઘણા રેકોર્ડ તોડી નાખ્યા છે. ઈતિહાસમાં પહેલીવાર, અમે ૭.૨ મિલિયન દર્શકો રેકોર્ડ કર્યા. જો તમે જુઓ તો, યુએસએએ ભારતને સારી



લડાઈ આપી, નેધરલેન્ડ્સે પાકિસ્તાનને મુશ્કેલીમાં મુક્યું, ઝિમ્બાબ્વેએ ઓસ્ટ્રેલિયાને હરાવ્યું, અને નેપાળે ઈંગ્લેન્ડને નુકસાન પહોંચાડ્યું. હું બધા એસોસિયેટ રાષ્ટ્રોને અભિનંદન આપવા માંગુ છું. તેઓએ પૂર્ણ સભ્ય રાષ્ટ્રો સામે સારું પ્રદર્શન કર્યું.

ઉલ્લેખનીય છે કે, T20 વર્લ્ડ કપ ૨૦૨૬ પહેલાં, બાંગ્લાદેશે સુરક્ષાની ચિંતાઓને કારણે ભારતમાં આવવાનો ઇનકાર કર્યો. જોકે ICCએ બાંગ્લાદેશને તેમની સલામતીની ખાતરી આપી હતી, બાંગ્લાદેશે તેમ છતાં ભારતમાં રમવાનો ઈનકાર કરતાંઅંતે, ICCએ સમયમર્યાદા સુધીમાં પોતાનું વલણ ન બદલવા બદલ બાંગ્લાદેશને વર્લ્ડ કપમાંથી હાંકી કાઢ્યું. તેમના સ્થાને સ્કોટલેન્ડનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ પછી, પાકિસ્તાને ખુલ્લેઆમ બાંગ્લાદેશને ટેકો આપ્યો અને શરૂઆતમાં T20 વર્લ્ડ કપ છોડી દેવાની ધમકી આપી. પાકિસ્તાને પછી જાહેર કર્યું કે તેઓ વર્લ્ડ કપ રમશે, પરંતુ ભારત સામે નહી. જોકે, એવું કંઈ બન્યું નહી. પાકિસ્તાને યુ-ટર્ન લીધો અને ભારત સામે ગ્રુપ સ્ટેજ મેચ રમી, જ્યાં તેમને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો.

# આઈપીએલની આ સિઝન ધોની માટે અંતિમ હોઈ શકે છેઃ ઈરફાન

## ઈરફાન પઠાણનું માનવું છે કે ધોનીના સમર્થકો તેને છેલ્લી વાર ચેન્નાઈ માટે રમતા નિહાળશે

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણનું માનવું છે કે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ની ૨૦૨૬ની સિઝન મહાન ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીની કદાચ છેલ્લી સિઝન હશે. કદાચ છેલ્લીવાર ચાહકો મહેન્દ્ર સિંહ ધોનીને ચેન્નાઈ સુપર કિંગ્સની જર્સીમાં રમતા જોઈ શકશે.

જેમ જેમ આ ટી૨૦ ક્રિકેટ લીગની સિઝન નજીક આવી રહી છે તેમ ધોનીની નિવૃત્તિને લઈને ફરી એક વાર ચર્ચાઓ તેજ બની છે. આ અટકળો ત્યારે વધુ મજબૂત બની જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સે રાજસ્થાન રોયલ્સમાંથી સંજુ સેમસનને ખરીદીને પોતાની ટીમમાં સામેલ કર્યો હતો.

નિષ્ણાતોનું માનવું છે કે આ પગલાથી ધોની મેદાન પરની પોતાની જવાબદારીઓ ઘટાડી શકશે અને મેન્ટર તરીકે ટીમ



સાથે જોડાયેલો રહી શકશે. એક ટીવી કાર્યક્રમમાં વાત કરતા ઈરફાન પઠાણે જણાવ્યું હતું કેઃ''સીએસકે મહેન્દ્રસિંહ ધોની વગર અધૂરી છે. આ સિઝન કદાચ છેલ્લી હશે જ્યારે આપણે તેને યલો જર્સીમાં જોઈશું. ધોની વિનાની સીએસકે અને આઈપીએલની કલ્પના કરવી મુશ્કેલ છે.'' વડોદરાના આ ક્રિકેટરે વધુમાં જણાવ્યું હતું કે ધોની અત્યારે સંપૂર્ણ રીતે ફિટ દેખાઈ રહ્યો છે અને તેણે તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. ૪૪ વર્ષીય ધોની આ મહિનાની શરૂઆતમાં જ ચેન્નાઈમાં સુપર કિંગ્સના કેમ્પમાં જોડાઈ ગયો છે અને કેપ્ટન ઋતુરાજ ગાયકવાડના નેતૃત્વમાં પ્રેક્ટિસ કરી રહ્યો છે.

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૧૬ માર્ચ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# કાપોદ્રાની પરિણીતા પર દારૂના નશામાં પતિ સહિત ચારનો સામુહિક બળાત્કાર

## પતિએ તેના ત્રણ મિત્રો સાથે ગેંગરેપ કર્યો હોવાની મહિલાની ફરિયાદના આધારે ચાર વિરૂદ્ધ ગુનો દાખલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૬**

સુરત શહેરના કાપોદ્રા વિસ્તારમાં મહિલાની સાથે દુષ્કર્મ અને મારઝૂડની ગંભીર ઘટના સામે આવી છે. આ મામલે મહિલાની ફરિયાદના આધારે ચાર લોકો સામે પોલીસમાં ગુનો નોંધાતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસ શરૂ કરી છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ સંજય (ઉ.વ. ૩૫), રહે. શ્રીજીનગર સોસાયટી, લક્ષ્મણનગર, કાપોદ્રા, સુરત અને મૂળ વતન માવઝીંઝવા, તા. બગસરા, જી. અમરેલી, તેમજ તેના મિત્રો અજય, જીગો અને ચિરાગ સામે ગંભીર આરોપ મૂકવામાં આવ્યા છે. તમામ આરોપીઓ કાપોદ્રા વિસ્તારના જ રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

ફરીયાદ મુજબ વર્ષ ૨૦૨૫ના મે મહિનામાં આરોપીઓ મહિલાના ઘરે આવ્યા હતા. તે દરમિયાન પતિ સહિત આરોપીઓએ દારૂ પીધેલી હાલતમાં મહિલાની સાથે ઝઘડો કરી મારઝૂડ કરી હતી. ત્યારબાદ આરોપીઓએ મહિલાના હાથ અને પગ પકડી તેની મરજી વિરુદ્ધ કપડા ઉતારી તેના પર દુષ્કર્મ કર્યું હોવાનો આક્ષેપ છે. મહિલાએ વિરોધ કરતા આરોપીઓએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ઉલ્લેખ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

આ ઘટના લાંબા સમય પછી ૧૫ માર્ચ ૨૦૨૬ના રોજ પોલીસ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. પોલીસે ફરિયાદના આધારે આરોપીઓ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ઔસુરા કરી રહ્યા છે.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સમગ્ર મામલે પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે અને આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી ચાલી રહી છે.



ડુમસના દરિયા કિનારે સી-ફેસ શરૂ થતા જ ગઈકાલે પ્રથમ રવિવારના રોજ હજારો સહેલાણીઓ ઉમટી પડ્યાં હતા. સુરત મહાનગરપાલિકાના સી-ફેસ પ્રોજેક્ટને વીક એન્ડમાં અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો. સી-ફેસની સહેલગાહ માણવા ગયેલા દંપતિઓએ દરિયા તટે સૂર્યસ્તનો અદ્‌ભૂત નજારો પણ માણ્યો હતો. (તસવીર : હનીફ મલેક)

# ઘરમાં ઘૂસી આવેલા સ્ત્રી અને પુરૂષે ગળા પર ચપ્પુ મૂકી ચેક છીનવી લીધા

## ફરિયાદ નોંધાતા ભાવેશ ધોળકિયા અને ધર્મિષ્ઠા તડવી ફરાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

પાલનપુર પાટિયા વિસ્તારમાં વિશ્વાસઘાત, ધમકી અને ચેક છીનવી લેવાની ઘટના સામે આવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આ મામલે નાના વરાછા વિસ્તારમાં રહેતા ભાવેશભાઈ રમેશચંદ્ર ધોળકિયા અને ધર્મિષ્ઠાબેન તડવી સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, સન ૨૦૨૫ના સપ્ટેમ્બર મહિનાથી આરોપી ભાવેશભાઈ ધોળકિયાએ હોટલના ધંધા માટે પૈસાની જરૂર હોવાનું જણાવી ફરિયાદીને વિશ્વાસમાં લીધો હતો. ધીમે ધીમે તેમણે ફરિયાદી તેમજ તેમના દિકરાથી પૈસા અને સામાન મેળવ્યા હતા. ફરિયાદીના દિકરાથી ટુકડે-ટુકડે મળી કુલ રૂ. ૨,૦૧,૦૦૦ રૂપિયા મેળવ્યા હતા, જ્યારે ફરિયાદી પાસેથી રૂ. ૫૦,૦૦૦ રોકડા લીધા હતા.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે હોટલના વ્યવસાય માટે જવ (બાલી) સોડા મશીન, કાર્બન ગેસ બોટલ, લાકડાનું ટેબલ તેમજ ગેલ્વેનાઈઝ આયર્નનો ઘોડો સહિતનો સામાન પણ લઈ ગયા હતા. આ તમામ સામાનની અંદાજિત કિંમત રૂ. ૧,૮૦,૦૦૦ જેટલી થાય છે. આ રીતે કુલ મળીને લાખો રૂપિયાની રકમ અને સામાન આરોપીએ વિશ્વાસમાં લઈ મેળવ્યો હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ તમામ રકમ અને સામાન બદલ ભાવેશભાઈ ધોળકિયાએ ફરિયાદીને રૂ. ૨,૩૦,૦૦૦નો અને તેમના દિકરાને રૂ. ૨,૦૦,૦૦૦નો ચેક આપ્યો હતો. પરંતુ ફરિયાદ મુજબ થોડા સમય બાદ ભાવેશભાઈ ધોળકિયા અને ધર્મિષ્ઠાબેન તડવી બંને ફરિયાદીના ઘરે આવ્યા હતા. આ દરમિયાન બંનેએ ફરિયાદીને ધમકાવી ગળા પાસે ચપ્પુ બતાવી બંને ચેક છીનવી લીધા હતા. તેમજ જો આ બાબત અંગે તેમના દિકરાને જાણ કરાશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# પાંડેસરામાં સ્કૂલના ઝઘડાની અદાવતમાં વિદ્યાર્થી પર હુમલો

## ચાર લોકોએ ચપ્પુથી હુમલો કરતા વિદ્યાર્થીની હાલત ગંભીર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

શહેરના પાંડેસરા વિસ્તારમાં એક વિદ્યાર્થી પર ચપ્પુથી હુમલો કરાયાની ઘટના સામે આવી છે. આ બનાવને લઈને પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે અને પોલીસે આરોપીઓને પકડવા માટે તપાસ હાથ ધરી છે.

ફરિયાદી રામમગન રામનારાયણ તિવારી (ઉંમર ૪૧), જે મજૂરી કામ કરે છે અને પાંડેસરા વિસ્તારમાં બમરોલી રોડ પર કર્મયોગી સોસાયટી-૦૨માં રહે છે, તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેઓ મૂળ મધ્યપ્રદેશ રાજ્યના રીવા જિલ્લાના ધુમન ગામના રહેવાસી છે.

તેમની ફરિયાદ મુજબ, ગત તા. ૧૪ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રે લગભગ ૮:૦૦ થી ૮:૩૦ વાગ્યાના સમય દરમિયાન તેમના દીકરા હેમંત ઘરે આવવા માટે નીકળ્યો હતો. તે દરમિયાન પાંડેસરા વિસ્તારમાં ગેલેક્સી આર્મી ઈન્ટરનેશનલ સ્કૂલના ગેટ બહાર સ્કૂલમાં અગાઉ થયેલી બોલાચાલીની અદાવત રાખીને શિવા નામનો વિદ્યાર્થી અને તેના મિત્રો રોહિત, રાજ અને દિલીપે હેમંતને રોક્યો હતો.

આરોપી શિવાને હેમંતને કહીને

અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં દરિયા તરફથી પવન ફૂંકાતા ઝાપટા પડવાની આગાહી

## ચાર દિવસ સુધી તાપમાનમાં વધારો-ઘટાડો થતો રહેશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

સુરત સહિત સમગ્ર ગુજરાતના દક્ષિણ વિસ્તારોમાં છેલ્લા થોડા દિવસોથી હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. દિવસ દરમિયાન ગરમીનો માહોલ વધતો જઈ રહ્યો છે ત્યારે બીજી તરફ અચાનક વાદળછાયા વાતાવરણ અને પવનના ઝોકા પણ જોવા મળી રહ્યા છે. આ બદલાતા હવામાનને કારણે લોકોને ગરમી અને ભેજ બંનેનો સામનો કરવો પડી રહ્યો છે.

આઈએમડી દ્વારા આપવામાં આવેલી આગાહી અનુસાર આગામી કેટલાક દિવસોમાં દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાતાવરણ અસ્થિર રહેવાની શક્યતા છે. દિવસ દરમિયાન તાપમાનમાં વધારો થશે જ્યારે બપોર બાદ અથવા સાંજના સમયે હળવા વાદળો છવાઈ શકે છે. કેટલીક જગ્યાએ છૂટાછવાયા હળવા વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

હાલમાં સુરતમાં દિવસ દરમિયાન તાપમાન લગભગ ૩૩ થી ૩૫ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાઈ રહ્યું છે, જ્યારે રાત્રે તાપમાન ૨૨ થી ૨૪ ડિગ્રી સુધી રહે છે. ગરમી સાથે ભેજનું પ્રમાણ વધતા લોકો ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે. ખાસ કરીને બપોરના સમયે રસ્તાઓ પર લોકોની અવરજવર ઘટતી જોવા મળી રહી છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ અરબી સમુદ્ર તરફથી ભેજવાળા પવનો દક્ષિણ ગુજરાત તરફ આગળ વધી રહ્યા હોવાથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. આ કારણે ક્યારેક આકાશમાં વાદળછાયા સ્થિતિ સર્જાઈ રહી છે. કેટલાક વિસ્તારોમાં પવનની ઝડપ પણ વધી છે.

કૃષિ ક્ષેત્ર માટે આ બદલાતું હવામાન મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ખેડૂતોને હવામાન વિભાગે સલાહ આપી છે કે તેઓ પાકને ધ્યાનમાં રાખીને

અનુસંધાન પાના ૭ પર

# કંપનીના કર્મચારી દ્વારા રૂા.૧૫.૯૨ લાખના પાર્સલો સગેવગે કરી દેવાયા

## ડીંડોલીના યુવક વિરૂદ્ધ કંપનીએ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૬**

શહેરની એક કંપનીમાં કંપનીમાં કામ કરતા પીકઅપ બોયે લાખો રૂપિયાના કપડાના પાર્સલ લઈને ફરાર થઈ જતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ ફરિયાદી આશીષકુમાર અર્જુનભાઈ ચૌધરી (ઉંમર ૩૦) (રહે. ઘર નં.૧૨૯, યોગેશ્વર પાર્ક સોસાયટી, રેઝન પ્લાજાની પાછળ, ડીંડોલી) મૂળ વતન ઈશર ગામ, તાલુકો માંડવી, જિલ્લા સુરત તેઓ જે કંપનીમાં કામ કરે છે તે કંપનીના પાર્સલ ડિલિવરીના કામકાજ સાથે સંકળાયેલા છે.

આ બનાવમાં આરોપી રોહન રાજેશસિંહ ગીરાસે, રહે. ૮, નીલકંઠ સોસાયટી, નવાગામ, ડીંડોલી, સુરત શહેરનું નામ સામે આવ્યું છે. આરોપી કંપનીમાં પીકઅપ બોય તરીકે ફરજ બજાવતો હતો.

૫ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે લગભગ ૪:૩૦ વાગ્યાથી રાત્રે ૧૧ વાગ્યા વચ્ચે ગોડાદરા વિસ્તારમાં આવેલ રઘુવીર સ્કાર્લેટ ટેક્સટાઈલ્સ માર્કેટ ખાતે ઘટના બની હતી. આરોપી રોહન ગીરાસે કંપનીના અલગ અલગ કપડાની આઈટમના કુલ ૯૮૧ પાર્સલ પીકઅપ કર્યા હતા. આ પાર્સલોની કુલ અંદાજિત કિંમત રૂ. ૧૫,૯૨,૪૪૨ થાય છે.

આ પાર્સલો કંપનીના વેરહાઉસ

અનુસંધાન પાના ૭ પર

# આગામી શુક્રવારે સંપાતના કારણે દિવસ-રાતનો સમય એક સમાન

## તા. ૨૧ મી થી દિવસ ક્રમશઃ લંબાતો જશે : તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો દિવસ હશે

**અમદાવાદ,તા.૧૬**

સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. તા. ૨૦ મી માર્ચ શુક્રવારે દિવસ અને રાત સરખા જોવા મળશે. તા. ૨૧ મી શનિવારથી દિવસ લંબાતો જાય છે અને તા. ૨૧ મી જુને લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. ખગોળીય ઘટનાનો અનુભવ કરવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ અપીલ કરી છે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે તા. ૨૦ મી માર્ચ શુક્રવારે મુંબઈમાં દિવસ અને રાત ૧૨ કલાક-૧૨ કલાકના, અપર અને સુક્ષ્મ ગણિત આધારે સુર્યોદય રાજકોટ ૬.૫૩, અમદાવાદ ૬.૪૭, મુંબઈ ૬.૪૫, સુરત ૬.૪૬, ભુજ ૬.૫૮, વડોદરા ૬.૪૪, ભાવનગર ૬.૫૫, જુનાગઢ ૬.૫૪, જામનગર ૬.૫૪ જયારે સૂર્યાસ્ત રાજકોટ ૧૮.૫૩, અમદાવાદ ૧૮.૪૭, સુરત અને મુંબઈ ૧૮.૪૬, ભુજ ૧૮.૫૮, વડોદરા ૧૮.૪૪, ભાવનગર ૧૮.૫૫, જુનાગઢ ૧૮.૪૫, જામનગર ૧૮.૫૫, સરેરાશ દિવસ ૧૨ કલાક અને ૭ સેકન્ડ જયારે રાત્રી ૧૧ કલાક, ૫૯ મિનિટ અને ૫૩ સેકન્ડ. તા. ૨૧ મી માર્ચ પછી ઉત્તરોતર દિવસ લાંબો થતો જશે. આ દિવસ પછી સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. તા. ૨૧ મી જૂને લાંબામાં લાંબો દિવસ હોય છે.

વધુમાં જાથાના પંડયાએ જણાવ્યું કે ૨૧ મી માર્ચને વસંત સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે. જયારે તા. ૨૧ મી સપ્ટેમ્બરના દિવસને શરદ સંપાત તરીકે ઓળખાય છે. તા. ૨૧ મી માર્ચે સૂર્યની આકાશી વિષુવવૃત્તને છેદવાની પ્રક્રિયા શરૂ થતાં તે દિવસે રાત-દિવસ સરખા થાય છે. આ દિવસ પછી ગરમીનું પ્રમાણ વધતું જાય છે. વિષુવવૃત્ત એકબીજાને વર્ષમાં બે વખત છેદે છે. સૂર્ય ખસતો ખસતો આકાશી વિષુવવૃત્તને છેદે છે તેને વસંત સંપાત કહે છે.



દેશભરમાં હનુમાનને સમર્પિત ૩૧૧ મંદિરોના નિર્માણમાં યોગદાન આપનારા ઉદાર દાતાઓનું સન્માન કરવા માટે એક ખાસ અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલનું નેતૃત્વ પ્રખ્યાત દાનવીર અને સામાજિક નેતા ગોવિંદભાઈ ધોળકિયા કરી રહ્યા છે, જેમનું વિઝન ભગવાન હનુમાનને સમર્પિત પવિત્ર સ્થાનોના નિર્માણ દ્વારા શ્રદ્ધા, સંસ્કૃતિ અને સમુદાયને મજબૂત બનાવવાનું છે.આ સમારોહમાં ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ગુજરાતના માનનીય રાજ્યપાલ સહિત અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોની હાજરી જોવા મળી હતી.હાલમાં નિર્માણ પામી રહેલા મંદિરની એક સુંદર રીતે બનાવેલી પ્રતિકૃતિ પસંદગીના મહાનુભાવોને રજૂ કરવામાં આવી હતી. આ દરેક મંદિર સ્મૃતિચિહ્નો ૩૬ કિલોગ્રામ ફૂલોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યા છે જે મૂળ રૂપે સલંગપુર મંદિરમાં ભગવાન હનુમાનને અર્પણ કરવામાં આવ્યા હતા. કાયમી પવિત્ર સ્મૃતિમાં રૂપાંતરિત થવાનું પ્રતીક છે.




ઉનાળાની ઋતુમાં જાનકી જીવદયા ટ્રસ્ટ દ્વારા અબોલ પશુ-પક્ષીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા માટે માટીના કુંડાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળાનો આકરો તાપ પશુ-પક્ષીઓ માટે દુષ્કર નીવડ્યો હોય છે. તેથી પાણીના કુંડા પશુ-પક્ષીઓ માટે ભારે રાહતરૂપ નીવડે છે. (તસવીર : હનીફ મલેક)

# સીટીલાઈટમાં મોપેડની ટક્કરથી વૃદ્ધા ઘાયલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૬**

સિટી લાઈટ વિસ્તારમાં બેદરકાર રીતે મોપેડ ચલાવનાર અજાણ્યા ચાલકે વૃદ્ધ મહિલાને ટક્કર મારતા તેમને ગંભીર ઈજા પહોંચી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાતા તપાસ શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ ફરીયાદી અતુલભાઈ દાજીભાઈ બચ્છાવ (ઉ.વ. ૪૩), વ્યવસાયે વકીલ, રહે. સાસ્વત બિલ્ડિંગ, સિદ્ધાર્થ કોમ્પ્લેક્ષ, સિટી લાઈટ દ્વારા આ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી છે. તેમણે આપેલી માહિતી અનુસાર ઘટના તા. ૧૪ માર્ચ ૨૦૨૬ના રોજ સવારે અંદાજે ૯:૩૦ થી ૧૦:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન સિટી લાઈટ વિસ્તારમાં લાવણ્ય મોલ રોડ પાસે ડિવાઈડર નજીક જાહેર રોડ પર બની હતી.

ફરિયાદ મુજબ તેમની માતા રોજિંદા કામ માટે શાકભાજી અને દૂધ લેવા માટે ઘરેથી બહાર નીકળ્યા હતા. તે સમયે તેઓ લાવણ્ય મોલ પાસે આવેલા ઝેબ્રા ક્રોસિંગ પરથી રોડ પાર કરીને સામેની તરફ જઈ

અનુસંધાન પાના ૭ પર

# ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીના પરિણામો અંગે વકીલોમાં ઉત્સુકતા

## આજે સાંજે વિજેતા ઉમેદવારોની સત્તાવાર ઘોષણા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૬**

Bar Council of Gujarat (BCG) ની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીની મતગણતરીને લઈને સમગ્ર ગુજરાતના વકીલોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ખાસ કરીને Surat શહેરના વકીલોમાં પરિણામોને લઈને ચર્ચા અને આતુરતા વધતી જોવા મળી રહી છે.

માહિતી મુજબ આ ચૂંટણીમાં રાજ્યભરના હજારો વકીલોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સુરત સહિત દક્ષિણ ગુજરાતના વકીલોનું મતદાન પણ નોંધપાત્ર રહ્યું હતું. મતદાન પૂર્ણ થયા બાદ મતપેટીઓ અમદાવાદ ખાતે લઈ જઈ સત્તાવાર રીતે મતગણતરી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

ચૂંટણીમાં કુલ ૨૩ સભ્યો માટે મતદાન યોજાયું હતું. ગુજરાતભરમાંથી અંદાજે ૭૬ હજાર જેટલા વકીલો મતદાર તરીકે નોંધાયેલા હતા, જેમાંથી મોટી સંખ્યામાં મતદાન થયું હોવાનું જાણવા મળે છે. સુરત જિલ્લાના અનેક વકીલો પણ ઉમેદવાર તરીકે મેદાનમાં હોવાથી સ્થાનિક કાનૂની વર્તુળોમાં આ ચૂંટણીને ખાસ મહત્વ આપવામાં આવી રહ્યું છે.

મતગણતરી દરમિયાન પ્રેફરન્સ સિસ્ટમ મુજબ ગણતરી કરવામાં આવી રહી છે. આ પદ્ધતિમાં પ્રથમ પ્રેફરન્સના મતોની

અનુસંધાન પાના ૭ પર


## જાહેર વિનંતી

અમારી શ્રીજી ઓટો માર્ટ પ્રાઈવેટ લિમિટેડ શોરૂમ / વર્કશોપ ખાતે કેટલાક વાહનો લાંબા સમયથી બિન જરૂરી રીતે પાર્ક થયેલ છે. અનેક વખત સંપર્ક કરવા છતાં સંબંધિત વાહન માલિકો દ્વારા વાહન લઈ જવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

આથી તમામ વાહન માલિકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ આ જાહેરનામું પ્રકાશિત થયાના ૧૦ દિવસની અંદર પોતાના વાહન અમારી વર્કશોપમાંથી લઈ જાય.

જો નિર્ધારિત સમયગાળા દરમિયાન વાહન લેવામાં આવશે નહી તો તે અંગે થનાર કોઈ પણ નુકસાન, પાર્કિંગ, કાયદેસરની કાર્યવાહી અથવા અન્ય પરિસ્થિતિ માટે શ્રીજી ઓટો માર્ટ પ્રાઈવેટ લિમિટેડની કોઈ પણ જવાબદારી રહેશે નહી. વધુમાં નિર્ધારિત સમય પછી વાહન સંબંધિત જવાબદારી સંપૂર્ણ પણે વાહન માલિકની રહેશે અને શ્રીજી ઓટો માર્ટ પ્રાઈવેટ લિમિટેડ પર કોઈ પ્રકારનો દાવો માન્ય રહેશે નહી.

**વાહનોના મોડેલ અને નંબર નીચે મુજબ છે :**

| | | | |
|---|---|---|---|
| ૧. | ઈન્ડિકા GLX – જીજે.૦૫.સીપી.૩૬૯૪ | ૬. | નેનો – એમએચ.૦૨.બાય.૮૦૫૬ |
| ૨. | નેક્સોન – જીજે.૧૯.એએમ.૫૫૬૭ | ૭. | નેનો – જીજે.૦૫.જેએમ.૨૬૪૨ |
| ૩. | ઈન્ડિગો ECS – જીજે.૦૧.સીઝેડ.૭૧૫૬ | ૮. | નેક્સોન – જીજે.૦૫.આરએમ.૫૩૧૩ |
| ૪. | વિસ્ટા – જીજે.૦૫.સીક્યુ.૨૦૨૮ | ૯. | નેનો – જીજે.૦૫.આરએ.૫૧૬૨ |
| ૫. | ઈન્ડિગોમેનજા – જીજે.૦૫.સીઆર.૩૫૧૪ | ૧૦. | ટાટાઅલ્ટ્રોઝ – જીજે.૧૯.બીએ.૫૮૬૦ |

## :: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી વેચાણ અંગેની જાહેર નોટીસ થકી જણાવવાનું કે (૧) સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટનાં શહેર સુરતનાં **મોજે ઓરમા**ના રેવન્યુ સર્વે નંબર-૩૬૨ (વાદીલાના જુનો સર્વે નંબર-૬૬) વાળી ઔદ્યોગિકનાં હેતુ માટેની બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર-આઈ/૧૬**, ક્ષેત્રફળ ૯૭.૫૪ ચો.મી. તથા (૨) **પ્લોટ નંબર-આઈ/૧૭**, ક્ષેત્રફળ ૯૭.૫૪ ચો.મી. તથા (૩) **પ્લોટ નંબર-આઈ/૧૮** ક્ષેત્રફળ ૯૭.૫૪ ચો.મી. તથા (૪) **પ્લોટ નંબર-આઈ/૧૯**, ક્ષેત્રફળ ૯૭.૫૪ ચો.મી. તથા (૫) **પ્લોટ નંબર-આઈ/૨૦**, ક્ષેત્રફળ ૯૭.૫૪ ચો.મી. તથા (૬) **પ્લોટ નંબર-આઈ/૨૧**, ક્ષેત્રફળ ૯૭.૫૪ ચો.મી. ખુલ્લા પ્લોટોવાળી મીલકતોના માલિક **અનિલભાઈ ગોવિંદભાઈ સોલંકી** નાની સંપુર્ણ સ્વતંત્ર સ્વપાર્જીત માલીકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની હેઠળની ચાલી આવેલ છે. જે મજકુર મીલકતોનાં માલીકે હમારા અસીલણોને વેચાણ આપવાનું નકકી કરેલ છે. અને તેઓએ સદરહુ મીલકતોનાં ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલણોને વેચાણ આપવાનું નકકી કરેલ છે. હમારા અસીલણો વેચાણ અવેજની પુરેપુરી રકમ ચુકવી આપી વેચાણ દસ્તાવેજો કરાવી લેનારાઓ છે. જેથી ઉપરોકત મીલકતોમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારનાં લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સબંધ ગણોત હકક, દરમેલ હકક, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક મંડળી સંસ્થા, રાજય સરકારનાં કોઈ પણ ખાતા વિગેરેનાં બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો તેમણે આધારભુત લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને એડવોકેટશ્રીના ઓફિસ સરનામે લેખિતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહી તો કોઈના હકક દાવા વિગેરે નથી. અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે તેવું માની હમારા અસીલણો સદરહું મીલકતોનાં વેચાણ દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં મજકુર મીલકતો અંગે કોઈની કોઈપણ વ્યકિત કે સંસ્થાની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધો-વિરોધ ચાલશે નહીં અને તેવા ઈસમોને ઉપરોક્ત મીલકતો અંગે કોઈપણ જાતનાં હકકો પ્રાપ્ત થશે નહી.જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા તમામે ગંભીર નોંધ લેવી.

ઓફિસ: ૩૦૬/એવલોન ધી બિઝનેસ હબ, સમસ્ત પાટીદાર સમાજની વાડીની સામે, આંબાતલાવડી, કતારગામ, સુરત-૪. મો. ૯૯૭૯૯ ૧૨૯૯૬ (તા. ૧૬/03/૨૦૨૬)

**યશવંતકુમાર એન. પટેલ**
**હર્ષકુમાર વાય. પટેલ**
તે ખરીદનારાઓનાં એડવોકેટશ્રીઓ